‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૪

# યાત્રા : લોકભારતીથી ફેર ટ્રેડ સુધી

– હસમુખભાઈ પટેલ

લોકભારતી પ્રકાશન – સણોસરા

'ઝાડનાં પારખાં ફળ પરથી' – શ્રેણી : ૨૪

# યાત્રા : લોકભારતીથી ફેર ટ્રેડ સુધી

હસમુખભાઈ ગોરધનભાઈ પટેલ

સંપાદન : મોહનભાઈ દાંડીકર – પ્રવીણભાઈ શાહ

**લોકભારતી પ્રકાશન**

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨

# અનુક્રમ

ઉપહાર....4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....5

સંસ્કારદીક્ષા....7

આંબલામાં પાયાનું ઘડતર....9

લોકભારતીમાં આયોજનની દૃષ્ટિ મળી....11

મુંબઈમાં કાકાએ બતાવી કેડી....16

ભાવનગર અને એક્સલ ઇન્ડસ્ટ્રીઝ....18

અનેકવિધ પ્રયોગો–કાર્યો હાથ ધર્યાં ને અનુભવો લણ્યા !....20

બહેનોની શક્તિનો પરિચય અને પરચો....23


પશુઓ અને જીવદયાનાં કામો....24

એક નવતર પ્રયોગને પ્રસાર્યો : કોમ્પોસ્ટ ખાતર....26

એક વધુ મોટું સાહસ : માંડવી–કચ્છ અને એગ્રોસેલનું ખેતસેવા કેન્દ્ર....28

વિદેશની સફરોના અનુભવોએ દેશભરમાં પ્રવૃત્તિઓ વિકસાવી....32

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*****ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## સંસ્કારદીક્ષા

મણાર લોકશાળાના પ્રકૃતિમય વાતાવરણમાં જન્મથી જ ઊછરવાનો અને ઘડાવાનો મને મોકો મળ્યો છે. તેને હું મારું પરમ સદભાગ્ય સમજું છું. એ પણ એવી સંસ્થા કે જે ગાંધીવિચાર, ખાદી, નઈતાલીમ અને ગ્રામવિકાસનાં કામોને વરેલી છે. પૂ. નાનાદાદા, મનુદાદા, મૂળશંકરભાઈ અને બુચદાદા પાસે શિક્ષણ મેળવેલું અને તેનાથીય વિશેષ જીવનઘડતર મેળવેલ પૂ. બાપુજી (મારા પિતાશ્રી ગોરધનભાઈ) પાસેથી. એ સૌનો વારસો મને મળ્યો છે. તે બદલ હું ગૌરવ અનુભવું છું.

કવિએ કહ્યું કે – "સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો." આવી સતની કાંટાળી કેડીના પુષ્પ બનવાનું સદભાગ્ય મને મળ્યું છે. પૂ. કાકા શ્રી કાંતિસેન શ્રોફ અને પૂ. કાકી શ્રી ચંદાબહેન કે. શ્રોફનો પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન મળ્યું છે. શ્રી અશ્વિનભાઈ તથા શ્રી દીપેશભાઈની લિડરશીપ મળી છે. તેને પણ હું મારું પરમ સદભાગ્ય સમજું છું.

મારું પ્રાથમિક શિક્ષણ અડધું મણારમાં થયું. પૂ. ભાનુભાઈ જાની અમારા આચાર્ય. ત્યારે ચાલતાં જઈએ. ક્યારેક મસ્તી કરીએ. ક્યારેક ઝઘડો પણ કરીએ. પછી બધાં સાથે બેસીને જમીએ. ક્યારેક ટુકડીમાં વૃક્ષો પસંદ કરી ઉછેરીએ. ક્યારેક વરસાદમાં નદી બે કાંઠે ઊભરાઈ જાય ત્યારે પૂ. ભાનુભાઈના ઘરે જ રોકાઈ જઈએ. તેમનાં બા ખૂબ જ માયાળું. અમને હેતથી જમાડે. તેમની સેવા અને આચાર્યપણું અમારા વિકાસમાં આજે પણ મહત્ત્વનું પ્રદાન કરી રહ્યાં છે.

આ સમય દરમિયાન સંસ્થાના સુંદર વાતાવરણમાં ઊછરવાનો મોકો મળ્યો. સમૂહમાં ઉત્સવોની ઉજવણી કરવી, સમૂહભોજન કરવું, દરિયે સમૂહસ્નાન કરવું, બાજરાનો પોંક, તલ અને ખાંડ સાથે મગફળીના ઓળા ખાવા, મકાઈના ડોડા ખાવા, શેરડીનો રસ પીવાની અને ગોળ ખાવાની મજા, દરિયે જઈને આઇસ્ક્રીમ હાથે બનાવીને ખાવાની મજા, પૂ. મનુદાદાની વાર્તા, લોકશાળાની રેલી, વાડોલિયાનું કામ, તેમાં કરેલ શાકભાજી-ફળો ખાવાની મજા, વેકેશનમાં મગફળીનો સલ્લો કરીને તેની વાનગીઓ ખાવાનો આનંદ, ઘરે રૂમાંથી પૂણી બનાવી, અંબર પર કાંતી, તૈયાર કરેલ ખાદી પહેરવાની મજા. જીવનમાં ખાદી અને શ્રમનું મહત્ત્વ મણારથી જ સમજાઈ ગયું હતું.

પ્રાથમિક શિક્ષણનો બીજો ભાગ ટીમાણામાં પૂરો કર્યો. ત્યાં ગામડાનું ધબકતું જીવન, ખેતી અને પશુપાલનનો વિશેષ પરિચય થયો. સાથોસાથ સજીવ ખેતી દ્વારા મસાવાળો ગોળ, બાજરો, મગ, તલ, ઘઉંના બિયારણના પ્લોટ, તેમાં પણ ચિકોરી, કેળાં, શેરડી, લસણ અને બાગાયતી પાકોની નવી ખેતી દ્વારા ખેડૂતોને મદદરૂપ થવું વગેરે શીખવા મળ્યું.

ટીમાણામાં તહેવારોની મજા ખૂબ જ માણી છે. વ્રતોના જાગરણમાં સોગઠાંબાજી, રાસ-ગરબાની રમઝટ, જન્માષ્ટમીમાં દાંડિયારાસ, ભાદરવી અમાસનાં મેળા, નવરાત્રિની ભવાઈ, ડાયરાઓ, મકરસંક્રાતિમાં ગામને ગોંદરે પશુઓ માટે ઘાસચારો નાખવો, પતંગ ચડાવવા, હોળી – ધૂળેટીની મજા માણવી, આભડછેટ, વહેમ, ડાકલાં, દોરાધાગાનો અનુભવ પણ થયો છે. અલગ અલગ જ્ઞાતિના રીતરિવાજો પણ જોયા છે. અને સંતશ્રી બજરંગદાસ બાપાના ખોળામાં રમવાનો મોકો પણ મળ્યો છે.

માત્ર ખેતી દ્વારા પણ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ કરી શકાય તે પૂ. બાપુજીના જીવન દ્વારા ટીમાણામાં જોયું. તેઓ બાળકોના વિકાસ માટે સતત કાળજી રાખતા; તે માટે સાચી સમજણ આપતા. આસપાસનાં ગામોમાં નાનામોટા ત્રાસનો સામનો કરીને લોકચાહના કેમ મેળવી શકાય તે પણ પૂ. બાપુજીના જીવન પરથી શીખવા મળ્યું. ક્યારેક તો પોતાનું નુકસાન વેઠીને પણ બીજાને મદદરૂપ થતા.

પૂ. બા ગામના રાજકારણમાં ભાગ લે. બાલમંદિર કે પોષકઆહાર કેન્દ્રમાં માર્ગદર્શન આપે. પૂ. વિજયાબા અને અન્ય પાસેથી વિશિષ્ટ રસોઈ, અથાણાં શીખીને બીજાને શીખવાડે. નાનાં બાળકોને પોતાના અનુભવ અને કોઠાસૂઝથી સારવાર આપી હસતાં હસતાં વિદાય કરે. શ્રાવણ માસમાં મંદિરે ધૂન ગવરાવે. પ્રસાદ વહેંચે. ગમે તેવી પરિસ્થિતિમાં અમને કોઈ પણ વસ્તુની ખેંચ અનુભવવા દીધી નથી.

માધ્યમિક શિક્ષણ માટે મારાં મોટાંબહેન સુશીલાબહેન આંબલા જોડાયાં. એટલે મારે માટે એ બધી રીતે અનુકૂળ થઈ ગયું હતું. હું ત્યાં તરત ગોઠવાઈ ગયો.

## આંબલામાં પાયાનું ઘડતર

લોકશાળાના શિક્ષણ પાછળ પૂ. નાનાદાદાનું વર્ષોનું ચિંતન, તપ અને લોકોપયોગી શિક્ષણ માટેની દૃષ્ટિ મુખ્ય હતાં. આવું લોકશિક્ષણ આજે તો ઉપયોગી છે જ, પણ ભવિષ્યમાં લોકોને સાચા શિક્ષણ માટે માર્ગદર્શન જોઈશે ત્યારે પણ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, મણાર અને અન્ય સંસ્થાઓ આપી શકશે તેમાં મને શંકા નથી. આ તપોભૂમિ પર જીવન ઉપયોગી શિક્ષણ તો મળ્યું જ, સાથોસાથ સંસ્કારસિંચન પણ થયું. છાત્રાલયજીવન દ્વારા પરિવારભાવના વિકસી. તહેવારો, ઉત્સવો, પ્રવાસો અને શ્રમ દ્વારા શિક્ષણ મળ્યું. ખાદીનું મહત્ત્વ સમજાયું. ખેતી અને વિજ્ઞાનનું પ્રત્યક્ષજ્ઞાન મળ્યું. જીવનમાં વિવિધ પાસાંને આવરીને માનવ ઘડતરનું કામ અહીં થાય છે તેનો પરિચય થયો.

સાચા અને જવાબદાર નાગરિકના ઘડતર માટેની આંબલાની દિનચર્યા પણ સરસ. ક્યારેક પ્રભાતિયાં કે ભજનો દ્વારા સંગીત ટુકડી તો ક્યારેક સિતાર લઈને પૂ. અનિલભાઈ ધ્વનિરૂમમાંથી પ્રસારણ કરી સૌને જગાડે. પછી પ્રાતઃકાર્યો પતાવી, ગૃહકાર્ય કરી, નાસ્તો કરીએ; નાસ્તા પછી શ્રમ, સ્નાન, ભોજન; પછી સંમેલન, વર્ગો, રમત-ગમત; પછી સાંજનું ભોજન, પ્રાર્થના, સ્વાધ્યાય અને શયન. પૂરી દિનચર્યા શિસ્તબદ્ધ અને સમયમર ચાલે.

ગૃહકાર્ય સર્વાંગી વિકાસ માટે બદલાતું રહે. શાકભાજી સમારવાં, રોટલી વણવી, સંડાસસફાઈ કરવી, ચોકસફાઈ કરવી, પાણી ભરવું, દૂધ લાવવું વગેરે દ્વારા જીવનઘડતરની તાલીમ મળે.

રસોડાનું સંચાલન, આયોજન અને ઋતુ અનુસાર આરોગ્ય જળવાઈ રહે, પૂરતું પોષણ મળી રહે તે રીતે નાસ્તો-ભોજન આપવામાં આવે. શિયાળામાં શેકેલી શીંગ અને ગોળ, રાબ, દલિયો, રોટલો-દૂધ, જામફળ. ચોમાસામાં કડુ કરિયાતું આપતા. મહાભોજનમાં એવા પ્રેમથી જમાડતા કે ઘર યાદ ન આવે. કઢી, ખીચડી તો બસ આંબલાની જ.

આંબલામાં શિક્ષણ પણ ઋષિમુનિઓના આશ્રમ જેવું. છતાં વિજ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ થતો. વિષયો પણ જીવનનાં બધાં પાસાંને આવરી લે તે રીતે પસંદ કરેલા. ભાર વિનાનું, ગાઇડ વિનાનું, ટ્યૂશન વિનાનું ગમ્મત સાથે જ્ઞાન મળે તેવું શિક્ષણ. પરીક્ષા વખતે વર્ગમાં લખેલ નોટબુકો અને પાઠ્યપુસ્તકો વાંચવાનાં. છતાં છાત્રાલયજીવન સાથેનું એ ધમધમતું શિક્ષણ આજે પણ ઉપયોગી

લાગ્યા કરે છે. પૂ. ભીખાભાઈ પ્રથમ શ્રમનું મહત્ત્વ સમજાવે. વર્ગમાં કપાસ સંકરણનું કે નવી જાત તૈયાર કરવાનું ભણાવે. પછી વાડોલિયામાં તે પ્રત્યક્ષ શીખવે. ત્યારે કંટાળો નથી આવ્યો. અભ્યાસ દરમિયાન સંકર કપાસનું બીજ તૈયાર કરી, તેમાંથી ઉત્તર ભારતનો પ્રવાસ કરી, જે આનંદ મેળવ્યો છે, તે અનેરો હતો. જિનમાં કામ કરી પૂણી બનાવી અંબર ચરખા પર કાંતતા. બટેટાની કુફરી સિંદુરી, કુફરી ચમત્કાર વગેરે જાતો વિશે ભણતા. પણ પછી વાડોલિયામાં તે જાતના બટેટા કરીને પ્રદર્શનમાં ઈનામ મેળવતા ત્યારે વિશેષ આનંદ થતો. ડોસનમાં આખો દિવસ સમૂહશ્રમ દ્વારા ગોચર જમીનની સુધારણા, બંધ-પાળા દ્વારા જમીન સંરક્ષણ અને પાણીસંગ્રહનું પણ શીખતા. છતાં કામનો થાક ન લાગતો. કંઈક સર્જન કર્યાનો સંતોષ થતો.

લોકશાળા સંઘની રેલી યોજાય ત્યારે તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન અને અન્ય વ્યવસ્થા દ્વારા અમારું ઘડતર થતું. એક શિલ્પી કોઈ રચના કરે ત્યારે તેમાં તે ઓતપ્રોત થઈ જાય છે. ખાવા-પીવાનું પણ ભૂલી જાય છે. તેવો અનુભવ પ્રદર્શન વખતે અમને પણ થયેલો. પછી બીજા તેની પ્રશંસા કરે ત્યારે જે આત્મસંતોષ મળતો તે અવર્ણનીય હતો. પ્રવાસ એ લોકશાળાનું મહત્ત્વનું અંગ. નાના-મોટા પગપાળા પ્રવાસો, સાઈકલ પ્રવાસો, બસ કે રેલ્વે દ્વારા મોટા પ્રવાસો કર્યા છે. પ્રવાસમાં ઇતિહાસ-ભૂગોળ સરળતાથી સમજાઈ જાય છે. વિવિધ સ્થળો-સંસ્થાઓ જોવા મળે છે. નવુંનવું જોવા, જાણવા, શીખવા મળે છે. દેશનો સાચો પરિચય થાય છે. પ્રાર્થના એ લોકશાળાના જીવનનો પ્રાણ છે. પ્રાર્થના દ્વારા મનને શાંતિ મળે છે. આત્માનો વિકાસ થાય છે.

આંબલા અભ્યાસ કરતો હતો ત્યારે ઘણાં ભાઈઓબહેનોને એક સાથે ટાઈફોઈડ તાવ આવ્યો ત્યારે પૂ. લાલજીભાઈએ રાતદિવસ જોયા વિના કરેલી મૂક સેવા યાદ આવે છે. સમયસર દવા આપવી, જરૂરી ખોરાક આપવો, સ્વચ્છતા રાખવી વગેરે દિવસો સુધી હસતાં હસતાં કર્યું. અમારું એસ. એસ. સી.નું મહત્ત્વનું વર્ષ હતું. છતાં આવી માંદગીમાંથી અમને ઝડપભેર સાજા કર્યા. બધા સારા માર્ક્સ મેળવી પાસ થયા. ચાર વર્ષ ક્યારે પૂરાં થઈ ગયાં તેની ખબર પણ ન પડી. અમે આંબલામાંથી જે પામ્યા છીએ તે શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી. શત શત પ્રણામ એ ભૂમિને અને તેના પ્રણેતાઓને !

## લોકભારતીમાં આયોજનની દૃષ્ટિ મળી

ઉચ્ચશિક્ષણ માટે લોકભારતી સણોસરા ગયો. લોકદક્ષિણામૂર્તિ પરિવારના નાતે માગશર વદ બારશના ઉત્સવોમાં વર્ષોથી ત્યાં જતા હતા. એટલે લોકભારતીમાં અજાણ્યું ન લાગ્યું.

લોકભારતીમાં કોઠારી તરીકેનું ગૃહકાર્ય ભોજનવ્યવસ્થા શીખવા માટે ખૂબ જ મહત્ત્વનું. નક્કી કરેલ બજેટમાં, નક્કી કરેલ વસ્તુઓ, જરૂરી પોષણ સાથે આપવી તેમાં ઘણું શીખવાનું મળે છે. હિસાબ રાખવો, સ્ટોક રાખવો, વસ્તુ સમયસર મંગાવવી, તે અનુભવો આજે ઘરમાં અને કાર્યક્ષેત્રમાં પણ કામ આવે છે. અહીં ગૃહકાર્યમાં ભાઈ ચૈતન્ય સાથે સંડાસ સફાઈ કરવાનું કામ અમે સામેથી સ્વીકારી લીધું હતું.

મેળા અને આનંદ બજારમાં સ્ટોલ રાખી, સારી વસ્તુઓ તૈયાર કરી વાજબી ભાવે આપતા. છતાં તેમાંથી ખોટ ન જાય અને વાજબી મહેનતાણું મળી રહે તે પણ જોતા. એ જ અનુભવ આજે એગ્રોસેલમાં ફેર ટ્રેડ દ્વારા વિશ્વ બજારમાં પહોંચવામાં ખૂબ જ કામ આવે છે.

રસોડાં પાછળ વાડોલિયું મળતું. તેમાં ભીંડા, ચોળી, ગુવાર, દૂધી, તુરિયાં, સરગવો વગેરે કરતા. તેમાંથી શાકભાજી તો મળે અને રસોડાંનો ખર્ચ પણ ઘટે. અમારે ચાર વર્ષમાં ક્યારેય ભોજનનું લવાજમ ઘટ્યું નથી. ક્યારેક વધ્યું છે, તો સંસ્થાએ તે અમને પાછું આપ્યું છે.

ખાદી દ્વારા ગામડું, તેનો સતત વિકાસ તથા નાના ગૃહઉદ્યોગો દ્વારા લોકોને પૂરક રોજી મળી રહે, તે દૃષ્ટિ  નજર સામે રાખીને લોકભારતી દેશના સાચા નાગરિકો તૈયાર કરવાનું કામ કરી રહી છે.

લોકભારતીમાં ચાર વર્ષમાં ભાઈ ચૈતન્ય સાથે ઘણા પ્રવાસો કર્યા. તેમાં પૂ. બાબા (પ્રવીણભાઈ મશરૂવાળા)નું માર્ગદર્શન અમને ખૂબ ઉપયોગી થયું. તેમણે બધી જગ્યાએ કેળવેલ સંબંધોનો ખૂબ લાભ મળ્યો. વિષય શિક્ષણ અને વ્યવહારુ જ્ઞાન પણ મળ્યું. આયોજન કરવાની દૃષ્ટિ પણ મળી.

શિબિરો દ્વારા જીવનનું ઘડતર થયું. એક શિબિર અમે અમરેલી કરેલી. ટીમવર્કથી કામ કરીએ તો કેવું સુંદર કામ થાય અને સારું પરિણામ આવે તે શીખવા મળ્યું. મુલાકાતે આવેલ અમારા વંડ્રાભાઈ પણ આશ્ચર્યચકિત થઈ ગયા. આખા ગજેરાપરામાં સૌથી પહેલી મગફળી કાઢીને વેચાણ માટે માર્કેટમાં પહોંચાડી દીધી હતી.

ડાંગમાં આદિવાસી શિબિર કરેલી. ત્યાં આદિવાસીઓનું ધબકતું જીવન જોવા મળ્યું. તેમના રીતરિવાજો જોયા. તેમના વિકાસ માટે ભેખ લઈને બેઠેલા નાયક બંધુઓનો અને તેમની સંસ્થાનો પરિચય થયો. એક સંસ્થા બેઠી કરવા માટે કેટકેટલી મહેનત કરવી પડે છે, કેટકેટલો ભોગ આપવો પડે છે, તે અનુભવ્યું. કુદરતનાં ખોળે જીવતાં લોકોનો પરિચય થયો. તેમની ગરીબી જોઈ. ખૂબ દુ:ખ થયું. ઉશનસ્ યાદ આવ્યા:

"કેરલ કાશ્મીર ફરો, ઓખા આસામ ફરો,
આખોય દેશ અમે એનાં એ ગામડાં."

એન.એસ.એસ.ની શિબિરો બહાર જઈને પણ કરી અને લોકભારતીમાં પૂ. મનુદાદા, બૂચદાદા સાથે રહીને પણ કરી. અહીં નહેરો અને તળાવો બાંધી કાયમી યાદગીરી તો કરી, પણ પાણીની અછતવાળા વિસ્તારોમાં પાણી સંગ્રહનાં કામો કેમ કરવાં તેની પ્રેરણા પણ મળી.

એક વાર પ્રાર્થનામાં પૂ. મનુદાદાએ ટકોર કરી કે તમે સહકાર વિષય પર તો ભણો છો, પણ તમારો નાનકડો 'વિદ્યાર્થી ગ્રાહક સહકારી ભંડાર' તો સરખો ચલાવો. આ હળવી છતાં સચોટ ટકોર મારા મન પર અસર કરી ગઈ. મેં તક ઝડપી લીધી. મને બધાંનો સહકાર મળે તો જવાબદારીપૂર્વક ભંડાર ચલાવીશ એમ નક્કી કર્યું. ખરેખર બધાનો સહકાર મળ્યો. સરસ કામ થયું. ભાવનગર જઈને ખરીદી કરવી, તેનો હિસાબ રાખવો, ખર્ચ અને ખરીદી પરથી તેનો વેચાણભાવ નફા સહિતનો કાઢવો, તેની તાલીમ મળી. આ બધાંમાં અમારા અધ્યાપક શ્રી દિનેશભાઈ ભટ્ટનું માર્ગદર્શન મળ્યું. જે આજે એગ્રોસેલના ચૌદ સેન્ટરોમાં ખૂબ ઉપયોગી થાય છે.

લોકભારતીમાં વિદ્યાર્થીમંડળ, તેની ચૂંટણી, મંત્રીમંડળની રચના, આમ સભા દ્વારા મંત્રીઓનાં કામોનો હિસાબ માગવો, પ્રશ્નો પૂછીને ખુલાસા માંગવા વગેરે દ્વારા લોકશાહીની સાચી તાલીમ મળે

છે. જવાબદાર નાગરિક તરીકે કેમ વર્તવું તેની કેળવણી મળે છે, એક વાર મને પણ ઉત્સવમંત્રી તરીકેની તક મળેલી. મેં તે જવાબદારીપૂર્વક નિભાવેલી.

લોકભારતી ખેડૂતોને હૈયે વસી ગઈ હોય તો લોક-૧ ઘઉંની જાતને લીધે. પૂ. ઝવેરદાદા અને ભલાણીભાઈ સાથે ઘઉં સંશોધનમાં કામ કરવાની ઉત્તમ તક મને પણ મળેલી. લોક-૧ ઘઉંની જાત બહાર પડી અને રાષ્ટ્રીય કક્ષાએ માન્યતા મળી ત્યારે જે આત્મસંતોષ મળ્યો તે કલ્પનાતીત હતો. લોકભારતી જેવી એક નાની સંસ્થા, ઓછાં સાધનોની અને ઓછી મૂડીથી, પણ ચોક્કસ ધ્યેય સાથે, લગનથી, કામ કરે તો શું પરિણામ લાવી શકે તે ઘઉં સંશોધન વિભાગ દ્વારા સમગ્ર દેશ અને દુનિયાએ જાણ્યું. હવે લોક-૪૫ને પણ સમગ્ર દેશમાં ઉપજાઉ જાત તરીકે માન્યતા મળી છે; આમ ઘઉંની બે જાત લોકભારતીએ દેશને આપી.

લોકભારતીના સંશોધન વિભાગ દ્વારા નેશનલ ઈનિશ્યલ વેરાયટી ટ્રાયલમાં, સમયસર વાવણીના અખતરામાં લોક-૫૨, મોડી વાવણીના અખતરામાં લોક-૫૩, એન.જી.એસ.એન.માં રોગપ્રતિકારક જાત તરીકે લોક-૪૨ તેમજ ઘઉંની નવી ૧૦ જાતો ગેરૂ અને અન્ય રોગોના પરીક્ષણ માટે અપાઈ છે. નેશનલ ચેક વેરાયટી તરીકે સેન્ટ્રલ ઝોનમાં લોક-૧ અને પેનીન્શ્યુલર ઝોનમાં લોક-૪૫એ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

વિશ્વના ઘઉં સંશોધનમાં મુખ્ય કેન્દ્ર સમિતિ મેક્સિકો તરફથી ગત વર્ષે (૨૦૦૩) ઈન્ટરનેશનલ બ્રીડ વ્હીટ સ્ક્રીનિંગ નર્સરી લોકભારતીને મળી હતી. ૨૦૦૪માં પણ વિશ્વની ૩૭૨ જાતો અખતરા માટે મળી છે. નેશનલ જિનેટીક સ્ટોક નર્સરી દ્વારા ૧૨૬ નવી જાતો પ્રયોગ માટે મળી છે. લોકભારતી કૅમ્પસ ઉપર પાણીની ખેંચ હોવાથી સંસ્થાના માઈધાર કૅમ્પ ઉપર તેમજ સિદસર ફાર્મ ઉપર ૨૦૦૦ જેટલી જાતો પ્રયોગ માટે વાવવામાં આવી છે. ('કોડિયું' – જાન્યુઆરી – ૨૦૦૪)

પૂ. બાબા પાસે મુખ્ય વિષય બાગાયત ભણ્યો. તેમની પાસે ભણવું તે પણ એક લહાવો હતો. પ્રકૃતિની ગોદમાં વૃક્ષો નીચે બેસીને ભણાવે. વધુ ભાર આપે પ્રત્યક્ષ અનુભવ પર. સારી નર્સરી, યુનિવર્સિટીના સારા બાગાયત વિભાગના સંશોધન કેન્દ્રમાં મોકલીને અનુભવ મેળવવામાં

મદદરૂપ બને. દરેક જગ્યાએ તેમનો પરિચય, માન. અંગ્રેજી પર ખાસ ભાર આપે. વિષયને લગતાં પુસ્તકો અંગ્રેજીમાં વાંચવા પ્રેરણા આપે. મને તેમની પ્રેરણા ખૂબ ઉપયોગી થઈ છે. એટલે જ દુનિયાના લોકો સમક્ષ જઈ શક્યો. તેમની સાથે દોસ્તી બાંધી શક્યો. અને ધંધો પણ કરી શકું છું.

પૂ. મનુદાદા, બૂચદાદા વિષયો લે તે મરજિયાત. છતાં તેમના વર્ગમાં કોઈ ગેરહાજર ન રહે. એટલી મજા આવે. સમયના પાલનમાં એટલા ચોક્કસ કે બૂચદાદા નીકળે ત્યારે ઘડિયાળ પર નજર જાય. જો ઘડિયાળ આગળ પાછળ હોય તો મેળવી લે. એટલી ચોકસાઈ, ચીવટ.

વિદ્યાર્થીઓ પર તેમનો કેટલો પ્રભાવ હતો તેનો એક કિસ્સો મને યાદ આવે છે.

એક વાર બહારના એક ભાઈને ચોરી કરવાનું મન થયું. લોકભારતીમાંથી કપડાં ચોરી જાય. ઘણા દિવસો સુધી ચોરી કરી. તેને પકડવા માટે વિદ્યાર્થીઓની ટુકડી પાડી. તેઓ રાત્રે ચોકી કરે. ચોકીદારોને પણ સજાગ કર્યા. પણ ચોર પકડાય નહિ. એક રાતે તે પકડાયો. એટલે મારો મારો કરતું ટોળું પાછળ પડ્યું. બધા વડીલોએ ન મારવા વિનંતી કરી. પણ વિદ્યાર્થીઓએ કોઈને દાદ ન આપી. મુ. કુમુદભાઈને પણ ઠેબે ચડાવી દીધા. તે સમયે પૂ. બૂચદાદાએ જરા ઊંચા સાદે ટકોર કરી. બધા સ્તબ્ધ થઈ ગયા. મારવાનું બંધ થયું. ચોરને ટાઉનહૉલમાં લઈ ગયા. જેથી વિદ્યાર્થીઓ કંઈ અજુગતું ન કરી બેસે. તે વખતે પૂ. બૂચદાદાની પ્રતિભાનાં દર્શન થયાં.

વિવિધ પ્રસંગોએ મહાનુભાવોનાં વ્યાખ્યાનો દ્વારા જીવન ઉપયોગી ભાથું મળ્યું. પૂ. નાનાદાદાની સ્મૃતિમાં દર વર્ષે વાર્ષિક ઉત્સવ ઊજવાય છે. તેમાં ગાંધીવિચારને વરેલા અભ્યાસી વક્તાઓને અલગ અલગ વિષયો પર વ્યાખ્યાનો  આપવા બોલાવવામાં આવે છે. તે સાંભળવાનો અમૂલ્ય લહાવો પણ મળ્યો છે. પૂ. સ્વામી આનંદ જેવાની સેવા કરવાની તક પણ મળી છે. જીવનમાં સંસ્કાર ઘડતર માટે, જીવનઘડતર માટે, આ બધું અતિ આવશ્યક છે. આજે તેનું મહત્ત્વ વધુ સ્પષ્ટપણે સમજાય છે; અનુભવાય છે.

સંસ્થાના ગુરુજનોએ મને વિકાસ કરવા માટેની જે તકો આપી છે, તે બદલ હું તેમનો ઋણી છું. ક્યારેક તો નિયમોમાં છૂટછાટ મૂકીને, પૂ. બાબાના આયોજન મુજબ મને એકલાને, ચાર રાજ્યોમાં કેન્દ્રનિવાસમાં જવાની મંજૂરી આપી હતી. તેનાથી મને ઘણું ઘણું જોવાજાણવાનું,

શીખવાનું મળ્યું. પંજાબના ગ્રોવર પરિવાર સાથે એટલો બધો નિકટ પરિચય થયો કે પૂ. સતપાલજી ગ્રોવર, જેઓ લાલા લજપતરાયના સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી છે, તેમણે સાથે રહીને, શીખવા માટેની સરસ સગવડો કરી આપી. એક પણ પૈસાનો ખર્ચ ન કરવો પડ્યો. ફાઝિલ્કા, અબોહર, લુધિયાણા, હોશિયારપુર, ધૂડીકે, અમૃતસર, મોગા તેમજ અન્ય સ્થળોએ પણ શીખવા ગયો. પંજાબ એગ્રિકલ્ચર યુનિવર્સિટીમાં બાગાયત વિભાગમાં ૧૫ દિવસ સુધી વિગતવાર શીખવા મળ્યું. ગ્રોવર સાહેબના ઘરે રહીને પંજાબી વાનગીઓ કેમ બને તે પ્રત્યક્ષ શીખ્યો. પરિવારના સભ્ય તરીકે જ મને સ્થાન આપીને, બધું શીખવ્યું. આ બધું શક્ય બન્યું પૂ. બાબાના અંગત સંબંધોને કારણે.

છેલ્લે કેન્દ્રનિવાસ અને મહા સ્વાધ્યાય પૂરો કરવા ફણસા બોલાવ્યા. ત્યાં પણ સેંકડો એકરમાં વિવિધ ફળઝાડોમા બગીચાઓ હતા. તેને સુધારીને ઉત્પાદક અને નફાકારક કરવાની જે તક મળી તે અમારા માટે અમૂલ્ય હતી. ગૌશાળાનું સંચાલન અને દૂધની વિવિધ વાનગીઓ બનાવી મુંબઈ મોકલવી, નીરા માટે મોટા પ્રમાણમાં ખજૂરીનું વાવેતર કરવું, નાળિયેર ફોલાવી તેનું વેચાણ કરવું, તાતા સંસ્થા દ્વારા ચાલતી અંધજનો માટેની સંસ્થામાં રહી અંધોને કૃષિની તાલીમ કેવી રીતે અપાય છે તે જોવા મળ્યું. દક્ષિણ ગુજરાત પર કુદરતની મહેર છે. સારો વરસાદ, ફળદ્રુપ જમીન અને આબોહવા પણ સરસ. એટલે બધાં ફળઝાડ પણ સરસ થાય. સારી વ્યવસ્થા અને સારી સારસંભાળ હોય તો ઉત્પાદન ઢગલે ઢગલા થાય તેનો અનુભવ થયો. આમ, લોકભારતીનાં અભ્યાસનાં ચાર વર્ષ પૂરાં થઈ ગયાં તેનો ખ્યાલ પણ ન રહ્યો.

અમે છેલ્લા વર્ષમાં હતા ત્યારે પૂ. કાકા (કાંતિભાઈ શ્રોફ)એ તેમની સંસ્થા દ્વારા ચાલતાં ગ્રામવિકાસનાં કામો કરવા માટે મારી પસંદગી કરી. આ માટે પૂ. મનુદાદાએ ભલામણ કરી. પૂ. મૂળશંકરદાદા પાસેથી મારા પરિવારનો અભિપ્રાય મેળવ્યો. આમ તો લોકભારતીના અભ્યાસકાળ દરમિયાન પૂ. કાકા અને પૂ. ગોવિંદજીભાઈનો વ્યાખ્યાન દ્વારા પરિચય થયેલો. પૂ. કાકા સાથે રહેવાથી નવું નવું શીખવા મળશે અને ગ્રામવિકાસનાં કામો કરવાની સરસ તકો મળશે તેમ મનથી નક્કી કરી હા પાડી. એવી શરત કરી કે તાલીમ માટે આપ ગમે ત્યાં ગમે તેટલા સમય માટે મોકલશો તો જવા માટે તૈયાર છું. પણ મારું મુખ્ય કાર્યક્ષેત્ર તો ગામડું જ રહેશે. મારી પસંદગી થઈ ગઈ. એટલે હું તાલીમ માટે મુંબઈ ગયો.

## મુંબઈમાં કાકાએ બતાવી કેડી

તા. ૧૩-૭-૧૯૭૮ના રોજ હું મુંબઈ એક્સેલ ઇન્ટસ્ટ્રીઝ લિમિટેડની મુખ્ય ઓફિસે જોગેશ્વરીમાં ગયો. પૂ. કાકાને મળ્યો. તેમણે પૂ. કાકીનો પરિચય કરાવ્યો. પૂ. કાકીએ જોગેશ્વરી, ગોરેગાંવ અને અંબોલી સાથે આવી બધી જગ્યાએ ચાલતી પ્રવૃત્તિઓ બતાવી. એક્સેલ પરિવારનો પરિચય કરાવ્યો. શ્રોફ પરિવારની પરિવારભાવનાનાં દર્શન કરાવ્યાં. મને પણ તેમાં સમાવી લીધો. પૂ. કાકીમાં સાદગી, સરળતા છતાં માણસ પારખવાની અદભુત શક્તિ હતી. પ્રેમ, કરુણા અને મમતાથી બધાંને પરિવારમાં સમાવી લેવાની અપાર શક્તિ-ધૈર્ય તેઓ ધરાવતાં હતાં, તેનો પરિચય થયો.

તા. ૧૪-૭-૭૮ને દિવસે હું એકસેલમાં જોડાયો. તાલીમ માટે મને પ્રયોગશાળામાં શ્રી મિસ્ત્રીસાહેબ પાસે મૂકવામાં આવ્યો. તેમણે મને પૂછયું - ''જમીનનું અને પાણીનું પૃથક્કરણ કરતાં આવડે છે ?'' મેં ના પાડી. કહ્યું; ''આવડતું તો નથી પણ શીખી લઈશ, શીખીને આગળ વધીશ.'' પછી મારી મર્યાદાઓ બતાવી: ''ગામડાંનો છું, ગામડાંની કૉલેજમાં, લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં, ગુજરાતી માધ્યમથી ભણ્યો છું.'' પછી તેમનો ગુસ્સો થોડો શાંત થયો. ખાસ મહેનતથી મને તૈયાર કરવાની શરૂઆત કરી. પૂ. કાકા દરરોજ પ્રયોગશાળામાં મારી પ્રગતિ જોવા આવે. ક્યારેક મને તેમની પાસે બોલાવે. એક નવા કર્મચારીને ઘડવા માટે રોજે રોજ ધીરજપૂર્વક પ્રયત્ન કરે. વિશ્વાસ અને શ્રદ્ધા સાથે કાળજી લે. જમીન અને પાણીના પૃથક્કરણ શીખી લીધાની ખાતરી થઈ ગઈ એટલે બીજું નવું શીખવાનું સોંપી દીધું. મને બગીચાનો શોખ છે તે જાણી શ્રીમતી સુધાબહેન વશી પાસે ત્રણેય જગ્યના બગીચાની જવાબદારી સોંપી. તેનાથી બંને પક્ષે નવું શીખવા મળ્યું. અનુભવે મરાઠી ભાષા સમજતાં બોલતાં ફાવી ગયું.

ડૉ. સુધીર ઘાટનેકર સાથે અંબોલીમાં ઉદ્યોગના ઘન કચરામાં કપાસ, શાકભાજી, પપૈયાં વગેરે ઊગાડી, તેમાં રસાયણની શું અસર થાય છે તે પૃથક્કરણ કરી, તેના પ્રયોગો શરૂ કર્યા. તેનાથી ખૂબ જ શીખવા મળ્યું. આમ વિવિધ વિભાગોમાં તાલીમ આપી, એકસેલના કાયમી કર્મચારી તરીકે મારી પસંદગી કરી. પછી ગ્રામવિકાસનાં કામો માટે ભાવનગર પાસે આવેલ

વાળુકડ ગામે શબરીવાડીમાં શ્રી નાનકભાઈ ભટ્ટ અને શ્રી દલપતભાઈ દાણીધારિયા સાથે દીપેશ ટ્રસ્ટમાં મૂક્યો. શબરીવાડીમાં પૂ. રામનારાયણ ના. પાઠક અને પૂ. નર્મદાબહેનનો પરિચય થયો. તેમની પાસેથી આઝાદીની લડતની વાતો સાંભળવા મળી.

પૂ, કાકાના માર્ગદર્શન હેઠળ અહીં ખેતીના નવા નવા પ્રયોગો શરૂ કર્યા. પ્રથમ તો શ્રી કાલિદાસ કાકા (વટવા)ના માર્ગદર્શન હેઠળ ભાવનગર જિલ્લામાં નીલગીરીનું વાવેતર કર્યું. જેને ડૉ. વિઠ્ઠકાકાએ અભિયાન ચલાવી ભાવનગરને નીલગીરીના જિલ્લાનું સન્માન અપાવ્યું. તેમાં શરૂઆતમાં મગફળી જેવા આંતરપાકો લઈને આવક પણ મેળવી. જેથી નાના ખેડૂતો આ નિદર્શન જોઈને અપનાવી શકે.

શબરીવાડીના જૂના આંબા-ચીકુના બગીચામાં પાણી ભરાઈ રહેતું હતું. તેથી ઝાડ સાવ પીળાં પડી ગયેલાં અને ફાલ પણ ખાસ આવતો નહોતો.

બાગાયતના સ્નાતક તરીકે મારી આ પ્રથમ કસોટી હતી. લોકભારતીમાં જે ભણેલા અને પૂ. બાપુજી પાસેથી જે શીખેલા તેનો અહીં અમલ કર્યો. ઝાડની નવી ડાળીનો વિકાસ જે ઘેરાવામાં આગળ વધે તેની નીચે દોઢથી બે ફૂટની ઊંડી ચર કરી. થડથી દૂર ચોરસ ખામણાં હતાં. માટે ચોરસ ચર કરી. આમાં ભાઈ કિશનસિંગ બિસ્ટ અને વિઠ્ઠલ સાબુએ મદદ કરી. જમીનનું પૃથક્કરણ કરાવી ભલામણ મુજબ શ્રીમતિ સુધાબહેન વશી સાથે ચર્ચા કરી. સારું સેન્દ્રિય ખાતર તથા તળાવનો કાંપ નાખી તેમાં ઇક્કડનો લીલો પડવાસ કર્યો. થોડાં રાસાયણિક ખાતરો પણ આપ્યાં. પાણી સરસ નીચે ઊતરવા લાગ્યું. મલ્ચીંગ કરી ભેજસંગ્રહ પણ જાળવી રાખ્યો. ધીરે ધીરે ઝાડ પર લીલાં પાંદડાં આવવા લાગ્યાં. ફાલ પણ સારો આવવા લાગ્યો. લીંબુમાં પણ આ જ રીતે માવજત કરી. શાકભાજી પણ કર્યાં. એ રીતે વધારાની આવક મેળવી. આ સફળ પ્રયોગથી જે સંતોષ મળ્યો અને હિંમત વધી તે અવર્ણનીય હતાં. પછી ખેડૂતો માટે આંબાના રોપા ઉછેરી, તેના પર નૂતન કલમની શરૂઆત કરી. કચ્છથી સારી ખારેક લાવી તેના બીજના રોપા તૈયાર કર્યા. ચીકુના ફળની ચીપ્સ સૂકવીને વૈદરાજ પ્રાગજીભાઈ રાઠોડ પાસે તેમના ગ્રાઇન્ડરમાં તેનો પાઉડર કરી વેચાણ શરૂ કર્યું. વેલ્યુએડિશન દ્વારા માર્કેટિંગનો અનુભવ મેળવ્યો.

## ભાવનગર અને એક્સલ ઇન્ડસ્ટ્રીઝ

આ તમામ પ્રયોગોમાં ભાવનગરની એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની ટીમનો સંપૂર્ણ સહકાર મળ્યો. જરૂરી માર્ગદર્શન પણ મળ્યું. શ્રી નીતિનભાઈ દવે દ્વારા શ્રી નાનકભાઈની લિડરશીપમાં સ્કાઉટની ટીમ એકસેલમાંથી જૂનાં નટબોલ્ટ લાવીને રાઉસ કરી પાછા એકસેલમાં વાપરવા આપતી. તે આવકમાંથી સ્કાઉટની શિબિરો અને અન્ય કાર્યક્રમો કરતા. આમ શબરીવાડી ધમધમી રહેતી.

શ્રી બિપિનભાઈ દવેની મદદથી એકસેલ કેન્ટીનની શાકભાજીની જરૂરિયાત સમજીને શક્ય તેટલાં શાકભાજી શબરીવાડીમાં જ ઉગાડી ખેતીમાં સારી આવક મેળવવા પ્રયત્ન કર્યો. આ બધામાં સફળતા મળતી જોઈને પૂ. કાકા-કાકીએ તેમના પોતાના પંજાબ કેમિકલ્સ લિમિટેડના ૫૦ + ૫૦ શેર ભેટ આપ્યા. આમ, ગ્રામવિકાસનાં કામોમાં ચોક્ક્સ દિશામાં આગળ વધવાનો ઉત્સાહ વધાર્યો. માર્ગ મોકળો કરી આપ્યો.

૧૯૭૮માં પૂ. કાકાનો સંદેશો આવ્યો કે માંડવી-કચ્છ એક સંસ્થાની નામકરણવિધિમાં આપણે સૌએ જવાનું છે. એટલે ભાવનગરના બધા મિત્રો સાથે અમે પણ ગયા.

પૂ. સ્વામી વ્યોમાનંદજીનાં આશીર્વચનોથી અને માંડવીના શુભેચ્છકોની હાજરીમાં, શ્રી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટનું નામ નાગલપરની વાડી પર જ રાખવામાં આવ્યું. તે વખતે પૂ. કાકાએ મને પૂછયું – ‘‘કચ્છ કેવું લાગ્યુ ?’’ મેં પણ સહજ રીતે જવાબ આપ્યો – ‘‘સરસ છે.’’ એટલે પૂ. કાકાએ મને પૂછયું – ‘‘અહીં શ્રી તુલસીભાઈને મદદ કરવા માટે રોકાશો ?’’ મેં તુરંત હા પાડી અને વાળકુડ પરત આવ્યા.

આંબલા લોકશાળામાં ભણતો હતો ત્યારે એક વાર નીલપર, તા. રાપરમાં એક શિબિર નિમિત્તે જવાનું આયોજન થયેલું. ત્યારથી કચ્છ અને તેની હસ્તકલા જોવાની ઉત્કટ ઇચ્છા હતી. પણ તે વખતે ટીમાણામાં ખેતીના કામમાં રોકાવું પડ્યું હતું. એટલે કચ્છ શિબિરમાં નહોતો જઈ શક્યો. તેનો રંજ મનમાં રહી ગયો હતો. આ વખતે પૂ. કાકાએ સામેથી કચ્છમાં કામ કરવાની ઓફર કરી હતી. એટલે ખૂબ જ આનંદ થયો. તક ઝડપી લીધી. માંડવી-કચ્છની બાજુમાં નાગલપર રોડ પર

શ્રી વિવેકાનંદવાડી લીધી. ત્યાં રહીને શ્રી તુલસીભાઈની આગેવાની હેઠળ ગ્રામવિકાસનાં કામોનો પ્રારંભ કર્યો.

શ્રી ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન (બી.એ.આઈ.એફ.), પૂ. મણિભાઈ દેસાઈ સાથે, પશુ સારવાર, સુધારણા અને ખેતીવિકાસ માટેનો પ્રોજેક્ટ એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા શ્રી વિવેકાનંદ સંસ્થાને મળ્યો. શરૂઆતમાં જ સરસ ટીમ પણ તૈયાર થઈ ગઈ. સ્થાનિક કૉલેજના વિદ્યાર્થીઓને પણ આ પ્રોજેક્ટમાં પાર્ટટાઈમ મદદમાં લીધા.

શ્રી વિવેકાનંદ વાડી એકદમ નકામી જેવી હતી. ખેડૂતોએ છોડી દીધેલી. ખારાં પાણી અને તે કારણે જમીન પણ ખારી હતી. આવી ખારી જમીન પસંદ કરવા પાછળ પૂ. કાકાનો એક શુભ હેતુ હતો. આવી ખારી જમીનમાં જો તમે સારાં પરિણામ લાવી આપો તો સમગ્ર દેશમાં ખેતીનાં વિકાસનાં કામોમાં ક્યાંય તકલીફ નહીં પડે. અહીંના ખેડૂતો અમારી મશ્કરી કરતા હતા. આ ભણેલા છોકરાઓ આ ખારી જમીનમાં શું કરશે ? હા, તેમના શેઠિયાની પથારી જરૂર ફેરવી નાખશે ! પણ અમે મંડી પડ્યા. શ્રદ્ધા, એકાગ્રતા અને સમન્વયથી થતાં કામોમાં અદ્વૈત સુધી જરૂર પહોંચી શકાય છે. અને એ જ શ્રી વિવેકાનંદ સંસ્થાનો મંત્ર છે.

ખેડૂતોને પરિણામ લાવી બતાવવા અમે સૌએ કમર કસી. પૂ. કાકાની દીર્ઘદૃષ્ટિ સાથેના માર્ગદર્શનથી જમીન સુધારણાની શરૂઆત કરી. પ્રથમ તો આખી વાડીમાં નદીની રેતી પાથરીને જમીનની નિતારશક્તિ વધારી. પછી માંડવી શહેરનો કચરો લાવી તેનું કમ્પોસ્ટ ખાતર બનાવીને વાપર્યું. પાકની ફેરબદલી કરી મિશ્રપાક લીધો. સંકર ગાયોની ગૌશાળા શરૂ કરી, તેનું છાણ ગોબરગૅસ માટે વાપર્યું. તેની રબડી અને ખાતીવાડીનો કચરો એકત્રિત કરી, કમ્પોસ્ટ ખાતર બનાવી, ચાસે-ચાસે ભર્યું. પાકની ફેરબદલી સાથે રાસાયણિક ખાતરોનો નહિવત્ ઉપયોગ કર્યો. પાણીનો પણ મર્યાદિત ઉપયોગ કર્યો. ઓછા પાણીએ થતા ટૂંકાગાળાના પાકોની પસંદગી કરી. જે ખેડૂતો અમારી મજાક કરતા હતા, તેઓ પણ અમારી મહેનત જોઈને જુવાર, ચીકુ, નાળિયેરી, નીલગીરી, ખારેક વગેરે જોઈને અમારાં વખાણ કરવા લાગ્યા. પછી તો અમે ખેડૂતોને તેમની ખેતીમાં, પશુપાલનમાં માર્ગદર્શન આપવા લાગ્યા. તેમા ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપનીના માંડવી ખાતેના અધિકારી શ્રી રાઘવજીભાઈ પટેલ પણ ખૂબ મદદ કરી.

## અનેકવિધ પ્રયોગો-કાર્યો હાથ ધર્યાં ને અનુભવો લણ્યા !

માંડવી તાલુકામાં મગફળીનો પાક પુષ્કળ થાય. ભુજપર અને અન્ય ખાદી સંસ્થાઓમાં પાવરઘાણી જોઈ. શ્રી મનોજભાઈ ગોહિલ અને શ્રી લલિતભાઈ સાથે મળી અમે પણ સંસ્થામાં પાવરઘાણી શરૂ કરી. પણ આ વિસ્તારનાં પાણી નબળાં થતાં જતાં હોવાથી મગફળીનું ઉત્પાદન ઘટી ગયું. વાવેતર પણ સાવ ઘટી ગયું. એટલે ખેડૂતોનાં તેલીબિયાંને ભાડેથી પીલી આપી, ગામડાંમાં પેદા થતી વસ્તુઓ, ગામડાના કારીગરો દ્વારા ગૃહઉદ્યોગો શરૂ કરીને, રૂપાંતર કરીને, પાછી આપીએ તો ખેડૂતોને તેમના પાકનું વધુ વળતર મળે તે ઉદ્દેશ હતો. પણ તેમાં અમને સફળતા ન મળી.

જિલ્લા ઉદ્યોગકેન્દ્ર, ભુજ દ્વારા માંડવી અને કચ્છના કારીગરોને વિવિધ તાલીમની યોજનાઓ દ્વારા ઈલાયચા હાથ વણાટ (મશરૂમનું કાપડ)ના કારીગરો તૈયાર કર્યા. તેમને વેચાણની વ્યવસ્થામાં મદદ કરી. બહેનોને બાંધણી કામની તાલીમ અપાવીને સ્વનિર્ભર કરવા પ્રયત્ન કર્યો. યુવાનોને સુથારીકામની તાલીમ આપી, વહાણ બાંધવાના કામમાં લગાડી દીધા. બહેનોને ભરતકામ દ્વારા કુટુંબની આર્થિક મદદમાં બહેનો પણ ચોક્કસ યોગદાન આપવા લાગી.

સાચી કમાણીમાંથી કરેલ દાન પણ ઊગી નીકળે છે તેવો અનુભવ થયો. ૧૯૭૯માં અતિવૃષ્ટિ થઈ. મોરબીનો ડેમ તૂટ્યો. તેના આગલા દિવસે માંગરોળની શારદાગ્રામ સંસ્થામાંથી ચીકુ અને આંબાની કલમો અંદાજે રૂપિયા પંચોતેર હજારની, ખેડૂતો પાસેથી આગોતરા એક નંગનો એક રૂપિયો ટોકન લઈને લાવ્યા. ખેડૂતોને વિતરણ કરી સાથે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું. આ કામ માટે એકસેલે દોઢ લાખ રૂપિયાની માતબર રકમ ટ્રાન્સપોર્ટના ખર્ચ માટે અને કલમ તૂટે કે સૂકાઈ જાય તેનો ખર્ચ ભોગવવા માટે આપી. બાગાયત વિભાગમાંથી તેની સબસીડી અપાવી. શ્રી તુલસીભાઈની કોઠાસૂઝથી અલગ અલગ વિસ્તારના ઉત્સાહી યુવાન ખેડૂતોને નર્સરી માટે તૈયાર કર્યા. ખાતાની માન્યતા પણ મેળવી અપાવી. આ એક કામ છે નાનું, પણ દસ વર્ષ પછી તેની જે અસર થઈ, તેની વાત કરું તો જ તેનો સાચો ખ્યાલ આવશે.

૧૯૭૮માં અમે કચ્છ આવ્યા ત્યારે સ્થાનિક ઉગાડેલાં ફળોમાં નાળિયેર, ચીકુ, કેળાં અને ખારેક મળતાં હતાં. પણ ભાવ વધારે હતો. બીજાં ફળો બહારથી આવે તો મળે. તેને બદલે હવે દાડમ, ચીકુ, નાળિયેર બારે માસ સસ્તાં અને તાજાં મળવા લાગ્યાં. કેરી, બોર અને ખારેક તો ટેમ્પા અને ટ્રકો ભરીને રાજકોટ, ગોંડલ, જામનગર વગેરે શહેરોમાં જવા લાગ્યાં. કલમ પહેલાં બહારથી મંગાવતા તેના બદલે હવે લાખોની સંખ્યામાં કચ્છમાંથી બહાર જવા લાગી. આ છે સાચા દાનનું સુંદર પરિણામ.

સારાં કામો કરનારનું કામ પૈસાના અભાવે ક્યારેય અટકતું નથી. હા, તકલીફના દિવસો જરૂર આવે, પણ તેનો સામનો ધીરજથી કરો તો તેનું પરિણામ સારું જ આવે. વડીલોની હૂંફ, પ્રેમ, આપણા પર મૂકેલ વિશ્વાસને ક્યારેય ડગાવ્યા વિના, આપેલ સ્વતંત્રતાનો દુરુપયોગ કર્યા વિના, લગનથી, પ્રામાણિકપણે કામ કરીએ તો સફળતા અચૂક મળે છે.

આ પછી અમે જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા માટે અને ઉત્પાદન જાળવી રાખવા માટે નવા નવા પ્રયોગો શરૂ કર્યા.

દેશમાં સૌ પ્રથમ ટપક સિંચાઈ પદ્ધતિ ઈઝરાયેલથી ૧૩૫% ડ્યૂટી ભરીને આયાત કરી રોકડિયા પાકોમાં, બાગાયતી પાકોમાં અને નીલગીરી જેવાં જંગલનાં વૃક્ષોમાં ટપક પદ્ધતિનો ઉપયોગ કરીને, પાણીનો કરકસરથી ઉપયોગ કરીને, કેવું સુંદર પરિણામ મેળવી શકાય તે પાયાનું કામ એકસેલ દ્વારા સંસ્થામાં થયું. તેનો સંપૂર્ણ વિગતો સાથેનો અઠવાડિક રિપોર્ટ અમે ખેતીવાડીખાતા દ્વારા ગુજરાત સરકારને અને ગુજરાત સરકાર દ્વારા ભારત સરકારને મોકલતા. તે પછી આ ટપક પદ્ધતિ ભારતમાં ઘણી કંપનીઓ દ્વારા આવી.

ગુજરાતમાં ગાંડા બાવળનો પ્રશ્ન અતિ વિકટ બન્યો છે. તે માટે પૂ. કાકાએ આણંદ અને દિલ્હીથી તેના તજજ્ઞોની ટીમને બોલાવી. તેમને અલગ અલગ વિસ્તારોમાં લઈ ગયા. બે-ત્રણ મરી ગયેલ પશુઓનું પોસ્ટમોર્ટમ કરાવી બાવળના બીજની અસરથી થતું નુકસાન પણ બતાવ્યું. તેમણે કહ્યું કે ગાય અને બકરી વર્ગનાં તમામ પશુઓ બાવળફળી અને તેનાં પાંદડાં ખાવાથી, ટીબીના દરદીઓની માફક તે ન ખાઈ શકવાથી, ધીમે-ધીમે દૂબળાં થઈને મરી જાય છે. તેમાં અમને

વૈજ્ઞાનિકોને સરકાર લાખો રૂપિયાનું બજેટ ફાળવે, વરસ સુધી મહેનત કરીએ, તો કદાચ કંઈ ઉપાય મળી શકે. એમના જવાબથી અમને સંતોષ ન થયો. એટલે પછી અમે જાતે જ ઉપાય શોધવા પ્રયત્ન કર્યો. તેમાં સૌથી વધુ નડે છે બાવળના પડડા – બાવળફળી. તેનો ઉપાય શું કરવો ? પડડાને બાફીને આપીએ તો કંઈ વાંધો આવતો નથી. બીજની માંગ હોય તો તેને અલગ કરીને સરસ ખાણદાણ પણ તૈયાર કરી શકાય. લોકોની કોઠાસૂઝનાં આ કારણો હતાં. તેને ધ્યાનમાં રાખીને નીલપર આશ્રમશાળાના પૂ. દયારામભાઈ કેવડિયાના માર્ગદર્શનથી અને મદદથી બાવળફળી એકઠી કરાવી. શ્રી દિનેશભાઈ સંઘવી પાસે પંજાબની બનાવટનું થ્રેસર હતું. તે લાવી પ્રયોગો શરૂ કર્યા. આમા ગાગોદરના હરિભાઈ પટેલનું માર્ગદર્શન પણ મેળવ્યું. ઉનાળાના ધોમધખતા તડકામાં નાનાં બાળકોની મદદથી બીજ અને માવો અલગ કર્યાં. બીજ માટે ઉત્તર ભારતનાં રાજ્યોની માંગ હતી. તે તેમને આપ્યાં. માવાને ખાણદાણ સાથે વાપરવાનું શરૂ કર્યું. પૂ. કાકાએ આણંદના ડૉ. શુક્લા અને ડૉ. તળપદા સાહેબની મદદથી ડેરી સાયન્સના ડૉક્ટરેટ થતા મિત્રોને, બાવળફળીનો પાવડર ખવરાવવાથી પશુઓને નુકસાન ન થાય અને પશુદાણ સારું અને સસ્તું બને, તે સંશોધનનું કામ સોંપ્યું. તેઓ ગાયના અલગ અલગ ગ્રુપને અલગ-અલગ પ્રમાણમાં આ પૌષ્ટિક દાણ આપીને, ગાયના છાણ, મૂત્ર અને લોહીની સમયસર ચકાસણી કરીને, એવા તારણ પર આવ્યા કે પશુદાણમાં ૪૦% સુધી બાવળફળીનો પાઉડર અન્ય પશુદાણ સાથે ભેળવીને આપીએ તો કોઈ નુકસાન થતું નથી. કોઈ આડઅસર પણ થતી નથી. પછી તો ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા ( ICAR) દ્વારા અંગ્રેજીમાં તેનું બુલેટિન પણ પ્રકાશિત થયું. ‘‘બેસ્ટ કેટલફિડ ફ્રોમ પ્રોસોપીસ પોડસ.’’ આ પછી તો માંડવી આવીને શ્રી શામજીભાઈ છભાડિયાનું થ્રેસર લાવી મોટા જથ્થામાં કામ શરૂ કર્યું. જસદણમાં શ્રી રામકૃષ્ણભાઈની મદદથી શ્રી લાલજીભાઈ પટેલ (શ્રી લક્ષ્મી થ્રેસરવાળા, યોગી ઇન્ડસ્ટ્રીઝ) પાસે અઠવાડિયું રહીને બાવળફળી માટે જોઈતું મજબૂત થ્રેસર બનાવડાવ્યું. સ્થાનિક જે મળે છે તેને સ્થાનિક લોકો પાસે એકઠું કરાવી, તેમને ઉનાળામાં કામ આપીને, બીજ અને સસ્તું પશુદાણ તૈયાર કરી, સંસ્થાને કાયમી આવક થાય તેવું કામ શરૂ કર્યું. જે આજે પણ ચાલે છે.

## બહેનોની શક્તિનો પરિચય અને પરચો

કાયમી કુદરતી આપત્તિઓ સામે ઝઝૂમતા કચ્છના લોકોને સ્વમાનભેર વિકાસના પંથે લઈ જવા માટે પૂ. કાકા-કાકીએ ૧૯૬૯થી અમારા જેવા પાંચ યુવાનો પર વિશ્વાસ મૂકીને અભિયાન શરૂ કર્યું છે. તેમાં સૃજન આટર્સ એન્ડ ક્રાફ્ટ દ્વારા ૪૦ બહેનો સાથે ધાણેરી, તાલુકો ભુજ મુકામે શરૂ કર્યું. જેમાં સારું કાપડ, દોરા, આભલાં આપી બહેનો પોતાની આંગળીનાં ટેરવાંના કસબથી તે પર બહેનમૂન કૃતિઓ તૈયાર કરે છે. આમ, સ્વમાન સાથે કારીગરોના કૌશલ્યને વિશ્વબજાર સુધી પહોંચાડવાની પવિત્ર યાત્રામાં, શ્રી વિવેકાનંદ સંસ્થામાં ૨.૫ વર્ષ કામ કર્યા પછી જોડાયો. ૧૯૮૫-૮૬માં શુભેચ્છકોની ભલામણ અને સરકારશ્રીના ઉચ્ચ અધિકારીઓની લાગણીઓને માન આપીને ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે રજિસ્ટર્ડ કરાવ્યું. જેમાં મને પણ ટ્રસ્ટી તરીકે સેવા કરવાની તક મળી છે.

સૃજનમાં અલગ અલગ તાલીમવર્ગો, ક્રેડીટ કૅમ્પો અને પ્રદર્શનો દ્વારા વધુ ને વધુ બહેનોને જોડવાં તે હેતુ છે. સાથોસાથ કચ્છના કારીગરોના કસબને વિશ્વવિખ્યાત કરવાનો નમ્ર પ્રયત્ન પણ થઈ રહ્યો છે.

સૃજનમાં ૨૦૦ બહેનોથી ૧૨૦૦ બહેનોનો વિશાળ પરિવાર ઊભો થયો છે. તેમાં પૂ. ગુરુજી (જી.નારાયણા)નું માર્ગદર્શન ખૂબ ઉપયોગી થયું છે.

હસ્તશિલ્પ વિકાસ કેન્દ્ર, શ્રી દોરાબજી તાતા ટ્રસ્ટ દ્વારા મ્યુઝિયમ ઓન વ્હીલ અને હવે દુષ્કાળ નિવારણનાં કામો, તમામ કુદરતી આફતોમાં ખભેખભા મિલાવીને લોકોની સેવા કરવામાં હંમેશાં આગળ હોય છે. આ માટે સેવાના મંત્ર સાથે એક યુવાન ટીમ વિકાસની યાત્રા આગળ વધારી રહી છે. ધન્ય છે એ સૌ બહેનો અને ભાઈઓને.

મને અને મારા પરિવારને દશેક વર્ષ પૂ. કાકી સાથે ઘડાવાની તક મળી છે. તેને હું મારું સદભાગ્ય સમજું છું. પૂ. કાકી ઘણાં મહાન, અભિમાન નહિ. સાદગી અને જ્ઞાનનો ભંડાળ. બાનો પ્રેમ સૃજન પરિવારના દરેકને મળતો રહે છે. અમને તો તેમણે માટીના પિંડમાંથી ઘાટ આપીને ઘડવાનું કામ કર્યું છે. તેમના અમે ઘણાં ઋણી છીએ.

## પશુઓ અને જીવદયાનાં કામો

રણની કાંધી પર રહેવા છતાં ૧૯૮૦થી અમીબાગ પર ખેતીના પ્રયોગો કરવાની ઉત્તમ તક પણ પૂ. કાકીએ આપી. બાવળફળીનું કામ અહીં પણ શ્રીજી ઇન્ડસ્ટ્રીઝના નામે શરૂ કર્યું. તેના દ્વારા દુષ્કાળમાં પશુઓને સસ્તું દાણ આપ્યું. જંગલખાતાને જરૂરિયાત મુજબ સારું બીજ તૈયાર કરી આપ્યું. દળવાની ઘંટી પણ આપી. આમ નાના ઉદ્યોગોને સફળ કેમ કરાય તે શીખવા મળ્યું. રાયમલભાઈ જેવા સરસ સાથીદાર મળ્યા. અમીબાગ પર સમૂહ રસોડું રાખી સંયુક્ત કુટુંબભાવ જાળવી રાખવાનો નમ્ર પ્રયત્ન કરેલો. શ્રી મનોજભાઈ તેમજ શ્રીમતિ અંજુબહેન, શ્રી ઉમેદભાઈ તેમજ શ્રીમતિ દક્ષાબહેન અને શ્રીમતિ નીલમબહેન શાહે અમને વડીલ તરીકેની હૂંફ આપી છે. તેમણે ગ્રામ ટૅકનોલૉજી સંસ્થાને સાથે જોડી એકબીજાની પ્રવૃત્તિમાં સહભાગી થયા છે. જેમાં શ્રી જિતુભાઈ વાળા અને શ્રી ઝાલાભાઈની મિત્રતા વધી.

દુષ્કાળમાં ઢોરવાડો કરીને મુંગાં પશુઓની સેવા કરવાની તક મળી. સમૂહમાં જાતે મોટો અવાડો કર્યો. માલધારી કેટલકૅમ્પ કર્યો. બધાના સહકારથી તેમાં ટ્રકો ખાલી કરી. વિતરણ કરે છતાં પક્ષપાત કે ઝઘડા ન થાય, વ્યવસ્થાખર્ચ પણ ન આવે. એક અનુભવી ભાઈ બધાં પશુઓની સારસંભાળ રાખે. ડેરીવાળા સાથે પણ એટલો જ સંબંધ. ડેરીવાળા દૂધ ભેગું કરીને લઈ જતા, રસીઓ આપતા, અન્ય યોજનાઓના લાભો પણ આપતા.

ગામના ડૉ. મનુભાઈ ઠક્કરના ભાઈનું કલકત્તામાં ખાણદાણનું કારખાનું, તેમણે રેલવે વેગનથી ખાણદાણ મોકલાવ્યું. એટલે બધાં પશુઓને ખાણદાણ આપી શકાયું. માલધારીઓ આજુબાજુની વાડીઓમાંથી ઘાસ કાપીને લઈ આવે. બહેનો સમય મળે તેમાં ભરતકામ કરી પૂરક રોજી મેળવે. આમ દુષ્કાળના દિવસો સાથે મળી, ભાગીદારીથી કામો કરી વિતાવતા.

અમીબાગ કેટલકૅમ્પ સર્વસેવા સંઘ દ્વારા શ્રી તારાચંદભાઈ છેડા અને શ્રી જાદવજીભાઈ શેઠિયાના માર્ગદર્શન અને સંચાલનથી ચલાવતા. સર્વ સેવા સંઘમાં આપેલ દાનનો ઉપયોગ બરાબર થાય છે કે નહિ તે જોવા માટે અમે દાતાઓને નિમંત્રણ આપતા. તેમાં મુ. શ્રી સુમતિચંદ્ર મહેતા સફારી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેનશ્રી, પરિવાર સાથે આવતા. તેમનો પરિચય થયો. તેમણે એક દિવસ મને પૂછયું – ‘‘આ જીવદયાનું કામ તો દુષ્કાળમાં કરીએ છીએ તે ઠીક છે. પણ

મને રસ છે કાયમી વિકાસનાં કામોમાં. તેવાં કામો કરતી સંસ્થા મારે જોવી છે.'' તે માટે માંડવીની શ્રી વિવેકાનંદ સંસ્થા સાથે અને શ્રી તુલસીભાઈ સાથે તેમનો પરિચય કરાવ્યો. આજે તેમના માર્ગદર્શન હેઠળ કચ્છમાં ઘણી સંસ્થાઓ ચાલી રહી છે.

સુમરાસર ગામના લોકોએ સરપંચ તરીકે બિનહરીફ ચૂંટી  કાઢવા ઓફર કરેલી. પણ મને તે વખતે પૂ. નાનાદાદાના સિદ્ધાંતો યાદ આવ્યા. સારી સંસ્થા ચલાવવી હોય તો લોહીની સગાઈના સંબંધીઓને એક જ સંસ્થામાં ન રાખવા. અને સંસ્થાના કામ કરનારે રાજકારણમાં ન પડવું. રાજકારણમાં જવું હોય તો સંસ્થામાંથી રાજીનામું આપીને જવું. આને લીધે આવેલી ઓફર સ્વીકારી નહિ.

શ્રી દીપેશભાઈ અભ્યાસ પૂરો કરીને તાલીમ માટે આવ્યા. સાચી લગનથી, શીખનારને પૂરો સંતોષ થાય તેટલી ધીરજ અને ખંતથી વિવિધ વિભાગોની તાલીમ લીધી. એક મોટા ઉદ્યોગના સ્થાપક અને સંચાલક તેમના વારસદારોને કેટલી અઘરી, આકરી, તાલીમો આપીને ઘડે છે અને પછી જ જવાબદારી સોંપે છે, જેથી તેમને જાત અનુભવે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે. તેમની પાસેથી હું ઘણું શીખ્યો. આજે પણ તેમના માર્ગદર્શન હેઠળ એગ્રોસેલની વિકાસયાત્રા આગળ વધારી રહ્યો છું.

## એક નવતર પ્રયોગને પ્રસાર્યો : કોમ્પોસ્ટ ખાતર

પૂ. કાકાની કેળવણી અને ઉદ્યોગના પ્રશ્નોના ઉકેલ શોધી, તેના દ્વારા ઉદ્યોગોને કેમ વિકસાવી શકાય તેનું એક ઉદાહરણ જોઈએ. પૂ. કાકા અમીબાગ વારંવાર આવતા. અમારી સાથે જ રહેતા. અમારી સાથે રહીને શ્રમ પણ કરતા. એક વાર તેઓ મને કહે :"તને કમ્પોસ્ટ ખાતર બનાવતાં આવડે છે ? ચાલ ને, હું વર્ધાથી નવી પદ્ધતિ શીખીને આવ્યો છું. આપણે અહીં શરૂ કરીએ." અમીબાગમાં ગોબરગૅસ હતો. બાજુમાં ઈંટથી હવાબારાંવાળા ૧૫' લાંબા, ૫' પહોળા, ૪' ઊંચા પીટ ચણ્યા. તેમાં કચરાના ટુકડા (ચાર્ફિંગ) કરીને ૬નો થર કર્યો. તેના પર રબડી, રાખ, રોક ફોસ્ફેટ અને જરૂરી ભેજ માટે પાણી, ગૌમૂત્ર વગેરે કરી, ભેજ ઊડે નહિ તે માટે, થોડું પ્રેશર મળે તે માટે, માટીનો અઢી ઈંચનો થર કરી દીધો. એક મહિના પછી તેને ઉથલાવવાનો. ત્યારે કોઈ ભાગ કોરો કે કાચો દેખાય તો થોડી રબડી કે પાણી છાંટી ફરી પાંદડાં ઢાંકી દેવાનાં. એક મહિનો રહેવા દેવાથી સરસ કમ્પોસ્ટ ખાતર તૈયાર થઈ જાય છે. તૈયાર થયેલા ખાતરનું રાસાયણિક, માક્રોબ્રિયલ પૃથક્કરણ કરાવે. પછી કહે, "હવે આપણાં થોડાં ઝાડમાં, પાકમાં, એ ખાતર નાખીને જોઈ જો ને શું ફેરફાર દેખાય છે ? જમીનની પાણી સંગ્રહશક્તિમાં કંઈ વધારો થાય છે ? ખાતર દ્વારા આવતાં ઘાસનાં બીજ આ ખાતર નાખીએ ત્યારે ઊગે છે ? પાકમાં કંઈક ફરક લાગે છે ? ઉત્પાન વધે છે ?"

આમ એક નાના માણસને તેના ગજા પ્રમાણે, ધીમે ધીમે તેને વિશ્વાસ બેસે, અનુભવ પાક્કો થાય, તેમ આગળનું પગથિયું ચડાવે. પછી કહે – "તો ચાલ ને, આપણે મારપીટ કરી આ પ્રયોગને વધારીએ." પછી કહે –"જેમની પાસે વધુ જમીન હોય તેઓ ગામના ઉકરડા લાવી આ કમ્પોસ્ટ ખાતર બનાવી શકે કે નહિ ? ગામના ઉકરડામાં કાચ, પ્લાસ્ટિક, ઈંટ, રેતી અને પથ્થર વગેરે આવે છે. તો તે વીણીને કે અલગ કરીને વપરાય." પછી કહે- "આ પ્રયોગ મોટા પાયે કરવો હોય તો ક્યાં કરીએ ?" મેં કહ્યું કે – "માંડવી શ્રી વિવેકાનંદવાડીમાં કરીએ. ત્યા ઘણાં પશુઓ છે. માંડવી શહેર નજીક છે. ત્યાંથી ઘણો કચરો મળી શકે." શ્રી સુનિલભાઈ વૈષ્ણવ, શ્રી શામજીભાઈ તેમજ અન્યની મદદથી વૈજ્ઞાનિક અવલોકનો, નોંધો, રાખીને કામ શરૂ કર્યું. આવી રીતે અન્ય જગ્યાએ પણ શરૂ કર્યું. પછી અંબોલી-મુંબઈમાં અલગ-અલગ ઍંજિનિયરો અને અન્ય અનુભવીઓને શ્રી દીપેશભાઈ અને પૂ. કાકાએ જોડ્યા. તે પદ્ધતિથી તૈયાર કરેલ ખાતરને 'સેલરીચ' નામ પણ આપ્યું. પછી પૂ.

કાકા કહે - ‘‘કેવા સ્વરૂપે હોય તો ખેડૂતોને વધુ ફાવે, વધુ ગમે. એટલે તે મુજબ તૈયાર કરી મુંબઈ મોકલ્યું. થોડા પ્રશ્નો આવ્યા. એટલે સારાં ખાતર તરીકે લોકો સ્વીકારે તે માટે એક સરખી ગુણવત્તા જળવાઈ રહે તે જરૂરી હતું. તે માટે ઇન્ડસ્ટ્રીયલ ડિસિપ્લીનની જરૂર હતી. તે માટે ઉદ્યોગોના અનુભવી શ્રી જાવડેકર સાહેબ, શ્રી અવિનાશભાઈ ઔટી અને માઈક્રોબાયોલૉજીવાળાની મદદથી પ્રયોગશાળા પણ શરૂ કરી. ટીમને એક સરસ મેળવણ બનાવવાના કામમાં લગાડી દીધી. કચરામાં આવતાં રોગ-જીવાતના જીવાણુઓનો નાશ કરે, કચરાને ઝડપથી સેડવી, ફોસફરસ અને પોટાશને પાક માટે લભ્ય કરે, તેવું સરસ મેળવણ બનાવી, પીટના માપની મર્યાદાને પણ દૂર કરી. ગમે તેવો ઢગલો કરીને તેને પણ એક સરખા મેળવણની (એક ટન કચરામાં એક કિલો મેળવણ) માવજત આપી. ૨૫ દિવસે ઉથલાવી કુલ ૪૫ દિવસમાં ખાતર તૈયાર થયું. તેને ચાળી, તેમાંથી પ્લાસ્ટીક, કાચ, રેતી દૂર કરી, ખેડૂતોને સારું ખાતર આપી તેમની જરૂરિયાત પૂરી કરી. શહેરનો કચરો ક્યાં નાખવો તે પ્રશ્ન હલ કર્યો. માખી, મચ્છર દ્વારા ફેલાતા રોગોથી લોકોને બચાવ્યા. પૂ. કાકાના સાંનિધ્યમાં આવું મહાન કાર્ય કરવાની મને તક મળી. આજે આવા પ્લાંટ દેશના અનેક શહેરોમાં છે. વર્ષે દોઢ લાખ ટન જેટલું સેલરીચ શહેરના કચરામાંથી એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના એન્ટરપ્રુનર દ્વારા થઈ શકે તેટલી સગવડો થઈ છે. આનાથી ઘણા લોકોને કામ આપવાની તકો પણ ઊભી થઈ છે.

## એક વધુ મોટું સાહસ : માંડવી-કચ્છ અને એગ્રોસેલનું ખેતસેવા કેન્દ્ર

પૂ. કાકાએ ૧૯૮૭માં એક મિટિંગ અમીબાગમાં રાખેલી. તેમાં બધાને બોલાવેલા. અને કહેલું કે : ‘‘હવે મારે ખેડૂતો માટે ખેતસેવા કેન્દ્ર શરૂ કરવું છે. ગુજરાતમાં બન્ને કંપનીઓનું નામ છે. એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ. આ બન્નેનું સંયુક્ત સાહસ ‘એગ્રોસેલ’ તૈયાર છે. આપણે એગ્રોસેલમાં ખેતસેવા કેન્દ્ર શરૂ કરીએ. એ રીતે સ્વ. પૂ. પપ્પાનું (શ્રી ચાંપરાજભાઈ ચત્રભુજભાઈ શ્રોફ) સ્વપ્ન સાકાર કરીએ. આ માટે કોણ તૈયાર થશે ?’’ અમારી ટીમમાં ખેતીવાડીનો અભ્યાસ અને અનુભવ મને જ હતો.

એટલે મેં હિંમતથી તૈયારી બતાવી, પણ પૂ. કાકીની મંજૂરીની અપેક્ષાએ. એટલે એમણે તરત કહ્યું -‘‘કાકીની જ શા માટે ? તારાં પત્નીની પણ રજા લઈએ.’’ બન્નેની રજા મેળવી. શરૂઆતમાં પાર્ટ ટાઈમ અને ૧૯૮૮ના મધ્યમાં ફૂલ ટાઈમ. સૃજનનું રોજેરોજનું જે કામ કરતો હતો તેમાંથી મુક્ત થવા સાથીદારોને તૈયાર કરી માંડવી આવી ગયો.

તે વખતે મને પૂ. નાનાદાદા યાદ આવ્યા. તેઓએ ભાવનગરની દક્ષિણામૂર્તિ સાથીદારોને સોંપીને આંબલા આવીને શૂન્યમાંથી સર્જન કરવાની શરૂઆત કરી હતી. પૂ. બા-બાપુજીની શીખામણ હતી કે કામ કરવામાં ક્યાંય નો ફાવે તો આનંદથી ઘરે પાછો આવી જજે. પણ ક્યાંય ખોટું નો કરતો. એ વાત નજર સમક્ષ રાખીને અત્યાર સુધીમાં સરસ કામો કર્યાં છે. કારીગરો સાથે કામો કર્યાં છે. હવે ખેડૂતો સાથે કામ કરવાની તક મળી છે. તેમાં વ્યક્તિગત વિકાસ તો જરૂર થશે. પણ સાથો-સાથ રાષ્ટ્રના વિકાસમાં પણ સહભાગી બનવાની તક મળશે. તે વિશ્વાસથી નવા કામની શરૂઆત કરી.

પ્રથમ સર્વે માટે એક ફોર્મ તૈયાર કર્યું. વાડીએ વાડીએ ફરીને સર્વે કર્યો. તેનું તારણ કાઢવા શ્રી મનોજભાઈ અને શ્રી દલપતભાઈ જોડાયા. મળેલ તારણો પરથી શું કામો કરવાં તેની સ્પષ્ટ દિશા મળી. ખેડૂતોને વિસ્તરણની સેવા તેમનાં ખેતરો અને વાડીમાં જોઈએ છે. જરૂરી બીજ, ખાતર, દવા વગેરે એક જ જગ્યાએથી વાજબી ભાવે, સારી ગુણવત્તાવાળાં અને સમયસર મળી રહે તે જોઈએ છે. અને ખેત પેદાશોની રૂપાંતરની વ્યવસ્થા કરીને દેશવિદેશોમાં જે વેચાય તે જોઈએ છે.

આ ત્રણ મહત્ત્વની બાબતોને ધ્યાનમાં રાખીને બેકેબલ પ્રપોઝલમાં શ્રી મુકુંદભાઈ અને શ્રી તુલસીભાઈએ મદદ કરી. એ પ્રપોઝલ બધાને બતાવી. તેમાં જરૂરી સલાહ સૂચનો લીધાં. પછી શ્રી અતુલભાઈ શ્રોફને મળ્યો. તેમણે કહ્યું કે -''હાટડી માંડીને તો નહિ બેસો ને ? લાખોમાં જ વાતો કરીશ કે કરોડોમાં ?'' આની પાછળ તેમની ભાવના એ હતી કે આપણા વિચારો સીમિત ન હોવા જોઈએ. તો એક દિવસ જરૂર પહોંચાશે. આ વાત મેં ગુરુમંત્ર તરીકે ગાંઠે બાંધી. વિકાસની ભાવનાને સમજ્યો. આ નવો પ્રયોગ સાથે મળીને કરીશું તેવી સમજણથી આગળ વધ્યા. ૧૯૮૮ના સપ્ટેમ્બરમાં બહુ મોટા ખેડૂત સંમેલન સાથે શ્રી વાલાભાઈ સેજાભાઈ આહીરના ખેતરને ખરીદીને તેના પર શુભ શરૂઆત કરી. આમાં પૂ. કાકીએ ખૂબ જ હિંમત આપી અને શ્રી વિવેકાનંદ સંસ્થાનો પૂરો સહકાર મળ્યો.

સંમેલનમાં આ વિસ્તારના તમામ ખેડૂતો આવ્યા હતા. પૂ. કાકાએ અને પૂ. ગોવિંદજીભાઈએ તેમને એગ્રોસેલ ભવિષ્યમાં સાથે મળીને કેવી રીતે મદદરૂપ થઈને, ખેતીમાં ખર્ચ ઘટાડી, આવકમાં વધારો કરાવી, ખેડૂતોની ખેતી નફાકારક કેમ બને તે માટે મદદરૂપ અને માર્ગદર્શક બનશે તેનો ખ્યાલ આપ્યો. વૈજ્ઞાનિકોએ કપાસમાં, મગફળીના પાકોમાં, પાક સંરક્ષણમાં, ખાતરમાં તેમજ અન્ય બાબતોમાં શું કાળજી લેવી તેની વિગતે ચર્ચા કરી. પ્રદર્શન દ્વારા માહિતી પણ મેળવી. વૈજ્ઞાનિકોએ પાકવાર તૈયાર કરેલ લેખો પણ આપ્યા. ખેડૂતોની માહિતી પણ રજિસ્ટ્રેશન સાથે મળી ગઈ. જે ખૂબ જ ઉપયોગી થઈ રહી છે. આમાં એકસેલ અને ગુજરાત એગ્રોના મહાનુભાવોએ ખૂબ સહકાર આપ્યો છે.

પૂ. કાકીના વરદ્ હસ્તે કૉમ્પ્લેક્સનું ભૂમિપૂજન કર્યું. શ્રી દલપતભાઈની મદદ શ્રી વિવેકાનંદ સંસ્થામાં માગી એટલે તેઓ ત્યાં ગયા. શ્રી મનોજભાઈની મદદ કંડલા શ્રી મુકુંદભાઈએ માગી એટલે તેઓ પણ ત્યાં ગયા. મેં નવી ટીમ તૈયાર કરી જેમાં શ્રી રાજેશભાઈ ચૌહાણ, શ્રી કમલગર, શ્રી હરસુખભાઈ સતનપરા વગેરે જોડાયા. કામની શરૂઆત કરી. બેંકની લોન પણ લીધી. આ વિસ્તારમાં વર્ષોથી શ્રી વિવેકાનંદ સંસ્થાનું નામ અને કામ જાણીતું. લોકચાહના પણ ખરી. સૌ સાથે અમારો વ્યક્તિગત પરિચય પણ ખરો. એટલે બહુ ઝડપથી નવા પ્રયોગની શરૂઆત થઈ. ખેડૂતોનો સહકાર પણ સરસ મળવા માંડ્યો. પછી તો ૧૯૯૦માં રાપર સેન્ટર માટે શ્રી ગોરધનભાઈ રંગપરા

સાથે રહીને તૈયાર થઈ ગયા. ૧૯૯૨માં પ્રાગપર ફ્રેન્ચાઈજી દ્વારા કર્યું. શરૂઆત સરસ થઈ. પણ વધુ પડતો વિશ્વાસ આપ્યો તેમણે જ તેમાં દગો કર્યો. પૂ. કાકાનો એક આદર્શ વિચાર હતો કે થોડું વ્યવસ્થિત ભણેલા, સૂઝવાળા, આમાં રસ હોય તેવા, ખેડૂતોના યુવાન છોકરાઓને આપણે તૈયાર કરી સેન્ટર ચલાવવા આપીએ. પણ હજી આપણી તૈયારી ઓછી છે. વધારે તૈયાર થઈને વ્યવસ્થાને સુઘડ કરી, ખામીઓ દૂર કરવા મંથન કર્યું. વડીલોનું માર્ગદર્શન લીધું. ૧૯૯૬માં મુન્દ્રા, નાની ખાખર, નવા મિત્રો પસંદ કરી શરૂ કર્યાં. એ પ્રણાલી આજ સુધી ચાલુ જ રહી છે. પછી કોઠારા, કુકમા, નખત્રાણા, ડભોઈ, શ્રીનગર, કૈથલ, સાંગલી અને છેલ્લે ૨003માં ધ્રાંગધ્રા અને રાયગઢ-ઓરિસ્સામાં સેન્ટરો શરૂ કર્યાં. જેને માટે ભગવાને મને તરવરિયા પ્રામાણિક અને સખત પરિશ્રમ કરવાવાળા ૬૦ યુવાનો મદદ માટે આપ્યા. જેમના દ્વારા અમે ખેડૂતોના પ્રશ્નો સમજી તેનું યોગ્ય નિરાકરણ તેમનાં ખેતરો પર જ સેવા દ્વારા લાવ્યા. કચ્છની કુદરતી આફતોનો સામનો કરતાં કરતાં અમે નવું શીખ્યા. નવા નવા લોકોનો પરિચય થયો. નવી નવી તકો મળી. ક્યારેક વાયરસ-મેલેરિયામાં અબડાસા અને લખપતમાં મદદ માટે બધાં કામો છોડીને પહોંચી ગયા. તેમાંથી દરેક ગામનાં સાચા મહાજનોનો પરિચય થયો. પોતાનામાં શ્રદ્ધા અને વિશ્વાસ વધ્યો. ઉદ્યોગોની સામાજિક જવાબદારી પણ કેવી કેવી હોવી જોઈએ તે પૂ. કાકાના જીવન પરથી સતત શીખતાં રહીએ છીએ. તેમાં શ્રી અશ્વિનભાઈ શ્રોફ અને દીપેશભાઈ શ્રોફનું માર્ગદર્શન મળતું રહે છે.

૧૯૯૩માં ઈઝરાયલ જેવા દેશમાં આંતરરાષ્ટ્રીય કૃષિમેળો જોવાની અને ત્યાંની યુનિવર્સિટીમાં તાલીમ લેવાની તક આપી. ત્યાંથી વળતાં ગ્રીસનું એથેન્સ શહેર જોવાની પણ વ્યવસ્થા કરી આપી. અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ (આઈ.અઅઈ.એમ)માં એગ્રીઈનયુટ માર્કેટિંગ, મેનેજમેન્ટ એજ્યુકેશનલ પ્રોગ્રામ ફોર એગ્રીકલ્ચર જેવા મહત્ત્વના વિષયોનો અભ્યાસ કરી એગ્રોસેલનાં કામને આગળ વિકસાવવાની તક પણ આપી છે. આમ, નવો પ્રયોગ સફળતા સાથે આગળ ધપાવવા ૧૦૦% બેંકની લોન લઈને શરૂ કર્યો. જેથી સતત કાળજી રહે. ચેલેંજથી કામ કરવાનો આનંદ પણ મળે. અને સારાં પરિણામનો સંતોષ પણ મળે.

૧૯૯૮-૯૯ના વાવાઝોડાએ ફરી એક થઈને કુદરત સામે સામનો કરવાની હિંમત આપી. તેમાંથી ફળઝાડની પ્રાથમિક સારવાર કેમ કરાય તે અનુભવી નિષ્ણાતો પાસેથી શીખ્યા. ભલે

આપણે વિશેષ ન જાણતાં હોઈએ, પણ જાણકાર લોકોને ભેગા કરીને પ્રશ્નને હલ કરવાની પૂ. કાકાની આગવી રીત અમને હંમેશાં હિંમત આપે છે. સતત શીખવાની વૃત્તિ તેમજ સાથીદારોને તૈયાર કરી સાચા વારસદાર બનાવવા. આ બધા પાયાના સિદ્ધાંતો જીવનમાં ખૂબ જ જરૂરી છે. તેનો આગ્રહ સાથે અમલ પણ થવો જોઈએ. તે તેમની પાસેથી શીખ્યો.

કોઈ પણ વ્યક્તિના સદગુણોને જોવા. દુર્ગુણોને જોવાથી આપણને શું ફાયદો ? આવા હકારાત્મક વલણથી જીવનમાં જે ધારીએ તે મેળવી શકાય છે. સાચી વાતમાં ભગવાન પણ ચોક્કસ મદદ કરે છે. તેની અનેક વખત પ્રતીતિ થઈ છે. એ વાવાઝોડામાં કચ્છ નવનિર્માણ અભિયાનનો જન્મ થયો. તમામ સંસ્થાઓ ખભેખભા મિલાવીને કામ કરવા લાગી. ક્યાંય કામો બેવડાય નહિ અને દાતાઓના પૈસા જરૂરિયાતવાળા લોકો સુધી સમયસર પહોંચે, યોગ્ય ઉપયોગ થાય તેની સૌએ કાળજી લીધી. દેશ-વિદેશમાંથી પણ ઘણી મદદ આવી. કચ્છનું નવનિર્માણ કરી બીજાંને મદદરૂપ થઈએ, તે રીતે પૂ. કાકા અને મણિભાઈ સંઘવીના વડપણ હેઠળ કામગીરી શરૂ કરી. જેમાં એગ્રોસેલની મારી ટીમે મૃત પશુઓની દુર્ગંધ દૂર કરવામાં અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે એકસેલ ઇન્ટસ્ટ્રીઝ લિમિટેડ અને યુનાઇટેડ ફોસફરસ લોમિટેડની મદદથી સમગ્ર કચ્છમાં દવા છંટકાવ કરી ભયમુક્ત કર્યું. અમારા ખેડૂત મિત્રો શ્રી મનજીભાઈ વેકરિયા અને શ્રી માવજીભાઈ મેઘાણીએ ટ્રેકટરોની સેવા પણ આપી. ભૂકપ પછી મદદ માટે આવતી વિવિધ સંસ્થાઓના કાર્યકરો તથા કંપનીઓના પ્રતિનિધિઓને રહેવા-જમવાની વ્યવસ્થા સૃજનમાં કરેલી. તેમાં રસોડામાં પરિવારનાં બહેનોએ અને બાળકોએ પણ મદદ કરેલી. રાપર સેન્ટરના શ્રી ગોરધનભાઈ અને તેમની ટીમે સરકારશ્રી દ્વારા મળેલ કીટના વિસ્તરણનું કામ અંતરિયાળ વિસ્તારોમાં જઈને કરેલું. ઈક્રીસાટ (હૈદરાબાદ)જેવી સંસ્થાએ બાજરી અને અન્ય બિયારણો મેળવી વિતરણ કર્યું. સૃજનમાં અપંગોને ઓપરેશન કરી હાથ-પગ બેસાડી હરતાં-ફરતાં કર્યાં. નિષ્ણાત ડૉક્ટરોની મદદથી મેડિકલ કૅમ્પો કર્યા. સૌથી મહત્ત્વનું તો આ સેવાયજ્ઞમાં અમને જે શિક્ષણ મળ્યું તે. ક્ષણે ક્ષણે બદલાતી જતી પરિસ્થિતિ અને લોકોની બદલાતી જતી જરૂરિયાતોનું પૃથક્કરણ કરી, મુંબઈ, વડોદરા, હૈદરાબાદ વગેરે શહેરોમાંથી અને દુનિયાભરમાંથી મદદ કરનાર લોકોને અમે જાણ કરતા કે હવે ત્યાંથી શું મોકલાવે ? શેની જરૂર છે ? આ ક્રાઈસીસ મૅનેજમેન્ટ વિશે શીખવા મળ્યું.

## વિદેશની સફરોના અનુભવોએ દેશભરમાં પ્રવૃત્તિઓ વિકસાવી

આફતોમાંથી જેવા મુક્ત થઈએ કે તરત વિકાસનાં કામોમાં પાછા લાગી જઈએ. ઈંગ્લેન્ડની ટ્રેડક્રાફ્ટ નામની પબ્લિક લિમિટેડ કંપનીએ અમને ભારતની ખેતીવાડીની વિવિધ ખેતપેદાશોને વિશ્વબજારમાં મૂકવાનો મોકો આપ્યો. જેમાં ખેડૂતોનું સંગઠન કરી, તેમની પસંદગીના માપદંડ વિશે, ગુણવત્તા વિશે, જરૂરિયાતો વિશે તથા તેના ભાવો કાઢવાનું શીખવા મળ્યું. ખેતપેદાશોની નિકાસ માટે જરૂરી વિધિ સમજ્યા. પ્રથમ મગફળીથી શરૂઆત કરી. તેમાં મુશ્કેલી અફલાટોકસીનની (ફૂગથી પેદા થતું ઝેર) આવી. એટલે તેમની જ મદદથી જર્મનીના નિષ્ણાતની મદદ મળી. યુરોપમાં વાજબી વેપાર (ફેર ટ્રેડ) કરતી સંસ્થાઓ અને અન્યની શું માંગ છે તે સમજવા શીખવા ટ્રેડક્રાફ્ટ કંપનીએ તેમના ખર્ચે યુરોપના પ્રવાસનું આયોજન કર્યું. એ નિમિત્તે જીવનમાં પ્રથમ વખત ઇંગ્લેન્ડ, નેધરલેન્ડ, બેલ્જીયમ જવાનું થયું. ત્યાંની જરૂરિયાત, ગુણવત્તા, સ્વચ્છતા માટે જરૂરી કાળજી, બજારની માંગ, હરીફાઈ, સજીવ ખેતી દ્વારા થતા ઉત્પાદનની માંગ અને તેનું ભવિષ્ય, ત્યાંનાં મુખ્ય બજારો, વેપારનાં બજારો કેવાં છે તે જોયા–સમજ્યા. પછી બાસમતી, ચોખા, અખરોટ, કાજુ વગેરેની નિકાસ કરી વેચાણ પણ શરૂ કર્યું.

મુંબઈ સ્થિત ઇન્ટરનેશનલ રિસોર્સ ફોર ફેર ટ્રેડ (આઈ.આર.એફ.ટી.) નામની સંસ્થાએ ફેરટ્રેડનું મોનિટરીંગ, ટીમને તાલીમ આપવાનું કામ અને યુરોપની અવેરનેસની ટૂર ગોઠવી આપી. એગ્રોસેલનું સોશિયલ એકાઉન્ટ પણ તેમની મદદથી કરીને સામાજિક જવાબદારી બરાબર નિભાવીએ છીએ તેની ખાતરી કરી એક સંતોષ મેળવ્યો. તેના માટે ઈંગ્લેન્ડના શ્રી રીચાર્ડ એવન્સને ગુરુ બનાવ્યા.

સાંગલી મહારાષ્ટ્રમાં સેન્ટરની શરૂઆત સેવાથી થઈ. ત્યાં સતત શેરડીનો પાક લેવાથી અને તેને સતત રાસાયણિક ખાતર આપવાથી ત્યાંની જમીન ખારી અને મૃત:પ્રાય થતી જાય છે. જેના માટે મહારાષ્ટ્ર સરકારના ખેતીવાડીના નિયામકશ્રી અને કમિશનરશ્રી કચ્છ આવી ગયા. શ્રી વિવેકાનંદ સંસ્થા કચ્છમાં છેલ્લાં ૨૫ વર્ષથી ખારી જમીન અને ખારાં પાણી માટે જે પ્રયોગો કરે છે તે પ્રયોગો જોઈ ગયા. તેના આધારે તેમણે સાંગલી જિલ્લાના ત્રણેક તાલુકાઓમાં ૨૦૦ હેકટર જમીનમાં પાયલોટ પ્રોજેક્ટ આપ્યો. માંડવીના અનુભવે ત્યાં લોકભાગીદારીથી જમીન સુધારી. જે

જમીનમાં ઘાસ નહોતું ઊગતું ત્યાં છ માસમાં હેકટરે ૨૪૦૦ કિલો ઘઉંનો પાક લીધો. આવું સરસ કામ એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડૉ. માલે સાહેબ, શ્રી. સી.એન.દેશપાંડે સાહેબ તેમજ શ્રી ભાનુભાઈ દેસાઈ અને તેમની રિવોર્ડ સંસ્થા દ્વારા સંકલન કરી, ટૅકનિકલ માર્ગદર્શન મેળવી, રિપોર્ટીંગ સિસ્ટમમાં મળેલ મદદથી થઈ શક્યું. પછી તો એ વિસ્તારના ખેડૂતોની માંગ આવી અને ત્યાં નવું સેન્ટર પણ ખોલ્યું. હવે ત્યાંથી કિસમિસ, ખાંડ, શાકભાજી વેચવામાં ખેડૂતોને મદદ કરવાની શરૂઆત કરી છે.

ભગવાન પણ અમને વધારે ને વધારે તૈયાર કરવા, ઘડવા, એકાદી આફત હંમેશાં મોકલતો જ રહે છે. જેથી બધા ભેગા મળીને, રહી ગયેલી ખામીઓનું સંશોધન કરીને, તંત્રને વધુ મજબૂત અને કાર્યક્ષમ કરી આગળ વધી શકીએ.

સાંગલીમાં ફ્રેન્ચાઈજી દ્વારા એક જૂના મિત્ર પર વિશ્વાસ મૂકી, અમારી સાથે કામ કરતા કર્મચારી મિત્રને સાથે રાખી, સેન્ટર શરૂ કર્યું. પણ અકુશળતાને લીધે ફ્રેન્ચાઈજીએ કરેલ દગાનો સામનો ન કરી શક્યા. આ પછી ત્યાં સરસ સાથીદાર મળી ગયા. એટલે વિકાસનાં કામો વધારી આજે મહારાષ્ટ્રમાં ત્રણ સેન્ટરો કાર્યરત થઈ ગયાં છે. બેંક સાથે  પણ ગોઠવાયું છે. આ નવી વિકાસયાત્રામાં શ્રી સુરેશભાઈ પંડિત, શ્રી પાઠક સાહેબ, અમીન સાહેબ વગેરેની મદદ મળી રહે છે.

સંકલિત કપાસના પ્રોજેક્ટ માટે શ્રી દીપેશભાઈએ હિંમત સાથે માર્ગદર્શન આપી નિર્ણય લીધો. આથી વિકાસની એક નવી દિશા ખૂલી. આમાં અલગ અલગ વિસ્તારના ખેડૂતોનાં ગ્રૂપો દ્વારા સજીવ ખેતીમાં કપાસ ઉગાડી, જિનમાં તેનું રૂ કઢાવી, મિલમાં કંતાવી, તેમાંથી કાપડ કરાવી, તેના ટીશર્ટ બનાવી, યુરોપમાં તેનું વેચાણ ટેક્સટાઈલના ઈજનેરો બહેનશ્રી એબીનેલ ગાર્નર અને શ્રી થોમસ પેરિટ કરે તેવું વિચારાયું. તેના માટે નવી ડિઝાઈનો કરે, લોકોમાં જાગૃતિ લાવે. તેમના દ્વારા ત્યાં દુકાન અને વર્કશોપ પણ કરી. આ કામ વિશ્વસ્તરનું બને તેવી શુભ ભાવનાથી શરૂ કર્યું. બે સંસ્કૃતિઓનું સુંદર મિલન થયું. એકબીજાંની સમજણ વધી. લાંબાગાળાની ભાગીદારીથી આ કામને વિશ્વમાં જાણીતું કર્યું.

આ કાર્યમાં ટ્રેડક્રાફ્ટના હસ્તકલા વિભાગની ડિઝાઈનર તરીકે બહેનશ્રી એબીનેલ વારંવાર અહીં આવતી. ત્યારથી તેની સાથે ઓળખાણ એટલે બેલ્જીયમની ઓકસ્ફામ સંસ્થા પાસેથી ૧૦,૦૦૦ ટીશર્ટનો ઓર્ડર લઈને તે સીધી ભારત આવી. તેમના પતિ મુંબઈમાં એક રેસ્ટોરંટ સંભાળવા આવેલા. પતિદેવ તો વચ્ચેથી છોડીને પાછા ચાલ્યા ગયા. પણ બહેન એબીનેલ પોતાની બે નાની દીકરીઓ સાથે દોઢ વર્ષ અહીં રહી. બધાં કામમાં મદદ કરી. ફ્રાન્સના યુવાન ભાઈશ્રી થોમસ પેરીટને આ પ્રોજેક્ટમાં મદદ માટે જોડ્યા. જેમનો આ લાઈનનો પેઢીઓનો ધંધો છે. અનુભવ છે. તેમના સહકારથી અને પરિશ્રમથી આજે રૂ, સૂતર, કાપડ, ટીશર્ટ અને અન્ય કાપડ બનાવી, ભારત અને યુરોપના અન્ય દેશોમાં સ્કાલ ઇન્ટરનેશનલનું સજીવ કપાસનું પ્રમાણપત્ર મેળવી વેચાણ કરીએ છીએ. જેમાં અંદાજે ૪૦૦૦ ખેડૂતો સાથે ૨૫૦૦૦ એકર જમીનમાં કપાસ, તલ, બાસમતી ડાંગર, ઘઉં, ચણા, રાયડો વગેરે સજીવખેતીમાં તૈયાર કરીને, વેચાણની વ્યવસ્થા કરી, વધુ ને વધુ લોકોને કુદરતી સારી વસ્તુઓ ખાવા-પહેરવા મળે તેવા પ્રયત્ન કરીએ છીએ.

આ કપાસના પ્રોજેક્ટમાં અમે અમારી સંપૂર્ણ તાકાત લગાવી શરૂઆત કરી છે. શરૂઆતમાં થોડી મુશ્કેલીઓ આવી પણ આજે સરસ ટીમ તૈયાર થઈ ગઈ છે. ભાઈ શૈલેષ, ભાઈ વસંત મેઘાણી, ભાઈ ચમન, ભાઈ લખન, ભાઈ સત્યમૂર્તિ, ભાઈ પ્રવીણ, ભાઈ સતપાલ, ભાઈ કમલગર અને બહેનશ્રી એબીનેલના પ્રયત્નથી શેલ ફાઉન્ડેશન ઇંગ્લેન્ડની મદદથી આપણા પ્રોજેક્ટને આગળ વધારવા ત્રણ વર્ષ માટે મોટી સહાય મળી છે. અમારા માટે કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા બહુ જ યોગ્ય સમયે આ પ્રથમ મદદ મળી છે. જેના દ્વારા અમે વધુ ને વધુ ખેડૂતોને સજીવ કપાસની ખેતી માટે પસંદ કરી, તૈયાર કરી રહ્યા છીએ. સાથીદારોની મદદથી ખેડૂતોને નવા નવા પ્રયોગો, સાધનો માટે મદદ, રેકોર્ડ અને ઇતિહાસ માટે કમ્પ્યુટર, વાહનો તેમજ ગ્રાહકોને આખું વર્ષ સારું રૂ મળી શકે તે માટે રૂની બેંક, નવી ડિઝાઈનો અને નમૂના, વેબસાઈટ વગેરે તૈયાર કરવામાં દુનિયાના અનુભવી માર્ગદર્શકો મળ્યા છે. આ પ્રોજેક્ટથી તેમને પણ સંતોષ થયો છે. આ પ્રોજેક્ટને હજી આગળ વધારવા માટે તેઓ મદદ કરશે તેવી ખાતરી પણ આપી છે. આમ, સજીવ ખેતીના બધા જ પાકોના વેચાણ માટે મદદ અને માર્ગદર્શન આપવાનું શક્ય બન્યું છે.

એગ્રોસેલને વિશ્વબજારમાં ચોક્કસ સ્થાન આપવામાં આ શેલ ફાઉન્ડેશન મદદરૂપ બન્યું છે. કપાસના ખેતરથી સીધા ગ્રાહક સુધી પહોંચવામાં પણ મદદરૂપ બન્યું છે. વિકાસની હરણફાળ આ કપાસના પ્રોજેક્ટને કારણે મળી, આ નિમિત્તે આંતરરાષ્ટ્રીય શિબિરોમાં જવાની અને તેમાં અનુભવો રજૂ કરવાની તકો પણ મળી. તેના દ્વારા નવા ગ્રાહકો મળ્યા. જોવા જાણવાનું મળ્યું. સજીવખેતી સાથે સંકળાયેલ વિશ્વનાં પરિવારો સાથે જોડાવાનું મળ્યું. અંગ્રેજી ભાષાની જાણકારી વધી. વિશ્વસ્તરની જરૂરિયાતો સમજીને ખેડૂતોના સ્તરથી ફાઈનલ રિપોર્ટ સુધીની કુશળતામાં વધારો થયો. આજે રાષ્ટ્રીય સ્તરે ‘‘ઓલ ઇન્ડિયા કોટન ઈમ્પ્રૂવમેન્ટ કમિટી’’માં સભ્ય તરીકે પસંદગી પામીને યથાયોગ્ય યોગદાન આપી રહ્યો છું.

નેધરલેન્ડ સરકારની એક સંસ્થા સી.બી.આઈ. જે યુરોપમાં સજીવ ખેતપેદાશોની વેચાણ વ્યવસ્થામાં આ વર્ષથી મદદરૂપ બની છે. ૨૦૦૭ સુધી જરૂરી તાલીમ અને મદદ કરવાની છે.

સંસ્થામાં મુખ્ય જવાબદાર વ્યક્તિને શારીરિક કામો ઓછા કરવાનાં આવે પણ મહત્ત્વના નિર્ણયો લેવામાં પ્રામાણિકતા, તટસ્થતા, સમજ, ધીરજ અને મક્કમતા ખૂબ જરૂરી હોય છે. આવું પૂ. અનિલભાઈ ભટ્ટે આંબલામાં શીખવ્યું હતું.

એગ્રોસેલમાં ઘણી કંપનીઓ સાથે કામ કરવાનું થઈ રહ્યું છે. તેમાં કેટલાક પોતાની જ પેદાશો વેચવા આપણને લલચાવે, વિવિધ પ્રલોભનો આપે. આવા સમયે ઘરના સંસ્કાર, મણાર, આંબલા, લોકભારતીનો ઉછેર, તેમજ શ્રી વિવેકાનંદ સંસ્થા અને સૃજન ટ્રસ્ટ જેવી સંસ્થાઓમાં થયેલું ઘડતર બોલી ઊઠે છેઃ ‘‘ના, આવું ન થાય.’’ એ જ મોટી મૂડી છે એમ માનું છું.

મારી આ વિકાસયાત્રામાં પૂ. કાકા-કાકીનો પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન મળ્યા કરે છે. શ્રી દીપેશભાઈ, શ્રી અશ્વિનભાઈ, શ્રી પ્રફુલ્લભાઈ, શ્રી અતુલભાઈ અને અન્ય સૌએ મૂકેલ વિશ્વાસ ક્યારેય ડગે નહિ તેની કાળજી રાખી ગ્રામવિકાસની મારી યાત્રાને આગળ વધારવામાં નિમિત્ત બની રહ્યો છું.

મારી આ યાત્રામાં મને માર્ગદર્શક બનનાર મારા ગુરુજનો શ્રી અનિલભાઈ ભટ્ટ, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, ડૉ. શ્રી અરુણભાઈ દવે, શ્રી ભરતભાઈ ભટ્ટ તથા ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને

લોકભારતી પરિવાર, એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને ગ્રૂપ કંપનીઓ તથા તમામ સંસ્થાઓના પરિવારજનો, મિત્રો વડીલો વગેરે સૌનો હૃદયપૂર્વક આભાર.

---------------------------------------------------------------------------------